(૫૫૧) માહે મોહર્રમઃ મહત્ત્વ અને મહત્તા

યવમે આશુરા : મોહર્રમુલહરામની દસમી તરીખને આશુરા કહે છે.આ દિવસનું એક ખાસ મહત્ત્વ છે. આ દિવસનો રોઝો રાખવું ઇસ્લામમાં પહેલાં ફર્ઝ હતો હઝ.આયશા સિદ્દીકા રદી.થી રિવાયત છે કે મક્કાવાસીઓ દર વર્ષે આશુરાનો રોઝો રાખતા હતા અને આપ ﷺ એ પણ આ રોઝો રાખ્યો છે પછી હિજરત કરી મદીના તશ્રીફ લાવ્યા તો આપ સલ.પોતે પણ આ રોઝો રાખતા અને સહાબએ કિરામને પણ આ રોઝો રાખવાનો હુકમ ફરમાવ્યો પરંતુ જયારે રમઝાનના રોઝહ ફર્ઝ કરવામાં આવ્યા તો પછી આશુરાના રોઝાની ફર્ઝિયત ખતમ થઇ ગઇ.(મોઅત્તા ઇમામ માલિક) આશુરાના દિવસ માટે શરીઅતમાં ખાસ બે ચીજો બતાવવામાં આવી છે (૧) રોઝો રાખવું (૨) બાલ-બચ્ચાઓ માટે ખાવા-પીવામાં દિલ મોટું રાખવુ. હદીસ શરીફમાં છે કે જેણે આશુરાના દિવસે બાલ-બચ્ચાઓ પર ખાવા-પિવામાં દિલ વિશાળ રાખ્યુંતો અલ્લાહપાક આખું વર્ષ રોઝીમાં વૃદ્ધિ કરશે.

દસમી મોહર્રમ ઇસ્લામના ઉદય પહેલાં અગાઉની ઉમ્મતોમાં પણ આદરપાત્ર દિવસ ગણાતો હતો આ દિવસે બની ઇસ્રાઇલ અને હઝ.મુસા અલ.ને ફિરઓનના ઝુલ્મથી મુકિત મળી અને ફિરઓન પોતાના તમામ લશ્કર સહીત દરિયામાં સમાઇ ગયો આની ખુશીમાં યહુદીઓ આ દિવસે રોઝો રાખતા હતા. આપ ﷺ એ ફરમાવ્યું કે આપણે એ માટે વધારે પાત્ર છીએ કે એ દિવસે રોઝો રાખીએ અને વિશેષમાં ફરમાવ્યું કે એમાં આપણે એક દિવસનો વધારો કરીશું એટલા માટે બે દિવસના રોઝા રાખવા જોઇએ કે જેથી યહુદીઓની સરખામણી ન થાય.

આશુરાના દિવસના રોઝહની ઘણી ફઝીલત છે આપ સલ.એ ફરમાવ્યું કે "હું અલ્લાહથી આશા રાખું છું. કે દસમી મોહર્રમનો રોઝો આગલા વર્ષના ગુનાહોનો કફ્ફારો કરી આપશે." (તિરમિઝી)

આ ઉપરાંત ઇસાલે સવાબ માટે તિલાવતે કુર્આનેપાક અને અન્ય નેક કામો કરવા જોઇએ. ખોટા રીત-રિવાજો, ઢોલ-નગારા, નાચગાન, માતમ-મરસિયા વગેરે ગેરઇસ્લામી એવા ગુનાહના કામોથી ખૂબ બચવું જરૂરી છે.

Month of Moharram : Significance and Importance (2)

Yavme Ashura : The tenth date of Moharramul Haram is called Ashura, this day has a special significance. Fasting on this day was earlier obligatory in Islam. It is narrated from Hazrat Ayesha Siddiqa R.A. that the Meccans used to fast of Ashura every year and the Prophet (S.A.W) also kept this fast. After emigration and came to Madinah, the Prophet (PBUH) himself kept this fast and ordered the Sahabah to keep this fast as well. But when fasting of Ramadan was made obligatory, then the merit of fasting of Ashura was lost.(Mo'atta Imam Malik)

For the day of Ashura two things have been specially shown in the Shariat (1) Fasting (2) Keeping a big heart in food and drink for the children.

Tenth of Muharram was a revered day even among earlier ummahs before the rise of Islam. On this day Bani Israel and Hazrat Musa al. Were freed from Pharaoh's oppression. And Pharaoh was swallowed up in the sea with all his army. Jews used to fast on this day to celebrate this. prophet ﷺ decreed that we are more worthy to fast on that day and specifically decreed that we will increase it by one day so we should fast for two days so as not to be compared to the Jews.

There are many virtues of fasting on the day of Ashura. The Prophet ﷺ said that I hope from Allah that fasting on the tenth of Muharram will atone for the sins of the previous year. (Tirmidhi)

Apart from this, reciting Qur'an and other good deeds should be done for Isale Sawab. It is necessary to avoid the wrong manners- customs, drumming, dance-songs, Mourning etc. Which are un-Islamic criminal activities.

(૫૫૨) રસ્તાના હકકો

હઝ.અબુ સઇદ ખુદરી ﷺ થી રિવાયત છે કે નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યું : તમો રસ્તામાં બેસવાથી બચો! સહાબા ﷺ એ પુછયું: એ અલ્લાહના રસુલ ﷺ : હમારે તો બેસવા વગર છુટકો નથી, ત્યાં બેસીને વાત ચીત કરીએ છીએ રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું: જયારે તમને બેસવા વગર છુટકો નથી તો પછી રસ્તાના હકકો અદા કરો! સહાબા ﷺએ પુછયું: રસ્તાનો હક શ છે? આપ ﷺ એ ફરમાવ્યું: પોતાની નઝરો નીચી રાખો, કોઇને તકલીફ પહોંચાડવાથી બચો, સલામનો જવાબ આપો અને નેકીનો હુકમ કરો બુરી વાતોથી રોકો.

હુઝુર ﷺ એ રસ્તાના પાંચ હકકો બતાવ્યા છે. **(૧)** નઝરોની હિફાઝત કરવી. **(૨)** બીજાને તકલીફથી બચાવ્વું. **(૩)** સલામનો જવાબ આપવો. **(૪)** નેકીનો હુકમ કરવો. **(૫)** બુરાઇ થી રોકવું.

ખુલાસો એકે કોઇને રસ્તામાં તકલીફ ન પહોંચાડવી દા.ત. ચાલતી વખતે અને પસાર થતી વખતે બીજાને તકલીફ થી બચાવવુ રસ્તાના હકકો માં આ પણ છે કે બજારોમાં દુકાનદાર પોતાની દુકાનો સામે સામાન એ પ્રમાણે ન રાખે કે એના કારણે પસાર થવાવાળાને તકલીફ પહોંચે અથવા ગાડીને એવી જગ્યાએ ઉભી (Park) ન કરવી જોઇએ જે પસાર થવાવાળા માટે તકલીફ નો જરીયો બને. (અલબલાગ “માસિક” કરાંચી,જુન-૨૦૨૩)

(552) Rights of the Road

It is narrated from Hazrat Abu Saeed Khudri (R.A) that the Prophet (S.A.W) said: Avoid sitting on the road! The Sahaba (R.A) asked: O Messenger of Allah: We do not leave without sitting, we sit there and converse. Rasulullah (S.A.W) said: When you cannot escape without sitting, then pay the right of road! The Sahaba (R.A) asked: What is the right of the road? Prophet (S.A.W) decreed: Keep your gaze low, avoid causing trouble to anyone, answer the salam and enjoin good deeds, refrain from evil talk.

Huzur (S.A.W) has shown the five rights of the road. (1) Protecting your gaze. (2) To save others from trouble. (3) Responding to salaam. (4) Enjoining goodness. (5) Restrain from evil.

The explanation is not to cause trouble to anyone on the way. E.g. Save others from trouble while walking and passing. Rights of way also include that shopkeepers in markets should not place things in front of their shops in such a way as to cause inconvenience to passers-by or the vehicle should not be parked in a place which causes trouble to passersby.

(Al balag “Monthly” Karachi, June-2023)

(૫૫૩) જે કરો અલ્લાહ માટે કરો...

હઝરત શૈખુલ હદીસ મવ.ઝકરીયા સાહબ રહ. એ ફરમાવ્યું કે જે કરો અલ્લાહને રાઝી કરવા માટે કરો જો. કોઇ નમાઝ દેખાડવા માટે પઢશે કે લોકો તેને મોટો (બુર્ઝુગ) સમજે તો એ નમાઝ મોઢા પર મારી દેવામાં આવશે.

જો આજ સજદો અલ્લાહને રાજી કરવા માટે હોય, તો આ શ્રેષ્ઠ ઇબાદત છે.

જે કાંઇ કરો તે અલ્લાહની મરજી પ્રમાણે કરો, પોતાની મરજી અને ઇચ્છા મુજબ ન કરો. મારા દોસ્તો! અલ્લાહની સામે ઝુકી જાઓ તો બધીજ વસ્તુઓ તમારી સામે ઝૂકી જશે **અર્થાત:** જો તમો અલ્લાહના હુકમ અનુસાર જીંદગી ગુઝારશો અને અલ્લાહની તાબેદારી કરશો તો દુનિયાની બધીજ વસ્તુઓ તમારી તાબેદારી કરશે.

પરેશાની નો ઇલાજ : ફરમાવ્યું કે ચિંતાઓ અને મુસીબતો માં અલ્લાહતઆલાનો ઝિક્ર ખૂબ કરવામાં આવે જેનાથી દિલની શાંતી મળે છે અને પરેશાનીઓ દૂર થાય છે.

અંતરની બિમારીઓ (કિના,અદાવત,જૂઠ,ગીબત) નો ઇલાજ

અલ્લાહનો ઝિક્ર કરવું અને દુરૂદ શરીફ પઢતા રહેવું બધીજ દિલની બીમારીઓ માટે ફાયદા કરક અને અકસીર છે.

અલ્લાહના ઝિક્રની બરકતથી ગીબત, ચુગલખોરી,જુઠ,તોહમત,બેકાર ગપસપ થી હિફાઝત રહે છે, આ બાબત અનુભવથી સાબિત છે કે જે વ્યકિતની ઝુબાન અલ્લાહના ઝિક્રની આદત બની ગઇ હોય તે ઝુબાન આમ તોરપર આવી બાબતોથી સુરક્ષિત રહે છે. (મલફુઝાતે શૈખુલ હદીસ રહ.)

(553) Whatever you do, do it for Allah...

Hazrat Shaikhul Hadith Mawlana Zakaria Sahab (Rah.) said that whatever you do, do it to please Allah. If someone recites the prayer to show that people think he is very religious (buzurg), that prayer will be thrown on the face.

If this prostration is to please Allah, then this is the best form of worship.

Whatever you do, do it according to the will of Allah, not according to your own will and desire. My friends! If you bow down to Allah, all things will bow down to you, means: If you live according to the order of Allah and obey Allah, then everything in the world will obey you.

Remedy of Troubles: It is said that the dhikr of Allah Ta'ala should be done a lot in worries and troubles, which gives peace of mind and removes troubles.

Remedies for internal diseases (malice, enmity, Lying, Backbiting) Remembrance of Allah and recitation of Durood Sharif is beneficial and panacea for all diseases of the heart. By the blessings of Allah's dhikr one is protected from backbiting, lying, slander, idle gossip, this matter is proved by experience that a person whose tongue has become a habit of dhikr of Allah is thus protected from such things. **(Malfuzat e Shaikhul Hadith Rah.)**

(૫૫૪) સ્વતંત્રતા ચળવળ અને મુસ્લિમો

હિંદુસ્તાનની આઝાદીની ચળવળમાં મુસ્લિમોનો ફાળો સ્વભાવિકરીતે મોટો અને નેત્રદીપક રહયો છે. મુસ્લિમોએ આઝાદીની લડતમાં નેતા અને માર્ગદર્શક તરીકે ભાગ ભજવ્યો છે એનું મુખ્ય કારણ એ હતું કે અંગ્રેજોએ જયારે હિંદુસ્તાન પર કબજો મેળવવાનું શરૂ કર્યુ અને ક્રમશઃ એક પછી એક રાજય અને પ્રદેશ તેમના આધિપત્ય હેઠળ આવતા ગયા તે સમયે હિંદુસ્તાનના ઘણા મોટા ભાગ પર મુસ્લિમો શાસક હતા.એમાં ગુલામીના ખતરાને પારખનાર સૌપ્રથમ વીર મૈસુરનો જાબાઝ શાસક ફતહ અલી ખાન ટીપુ સુલતાન (ઇ.સ.૧૭૯૯) હતા. જેમણે પોતાની દીર્ઘદૃષ્ટિ અને અસામાન્ય બુધ્ધિથી આ વાતનો એહસાસ કરી લીધો કે અંગ્રેજો આ રીતે એક એક રાજય અને પ્રદેશ કબજે કરતા રહેશે અને કોઇ સંગઠિત શકિત તેમનો મુકબલો કરવા માટે સામે આવશે નહીં તો આખા દેશને તેઓ પોતાનો કોળિયો બનાવી દેશે જેથી તેમણે પોતાના સંપૂર્ણ શસ્ત્ર સરંજામ,સાધનો અને લશ્કરી તાકત સાથે અંગ્રેજો સામે જંગ શરૂ કર્યો. આ માટે તેમણે દેશના રાજા,મહારાજા અને નવાબોને યુધ્ધ માટે તૈયાર કર્યા.જેઓ અંગ્રેજો સામે વીરતાપૂવક લડતા રહયા. અંગ્રેજોના સવપ્નો ભાંગી પડવાના આરે હતા પરંતુ આવા સમયે દક્ષિણના શાસકોને અંગ્રેજોએ પોતાની સાથે લઇ લીધા જેથી યુધ્ધમોરચે ૪ મે ૧૭૯૯ના સરંગાપટ્ટમના મેદાનમાં વીરતાપૂર્વક પોતની જાન કુરબાન કરી. આમ અંગ્રેજોની રહમનજર કે ગુલમી હેઠળ જીવવા કરતાં મોતને વહાલું કર્યું. તેમનું ઐતિહાસિક સૂત્ર હતું કે **“બકરીની જેમ સો વર્ષ જીવવા કરતાં વાઘની જેમ એક દિવસ જીવવું સારૂં છે”** જયારે અંગ્રેજ જર્નલ હોર્સને એમના શહાદતની ખબર પડી તો તેણે તેમની લાશ પર ઉભા રહી આ શબ્દો ઉચ્ચાર્યા **“આજથી હિંદુસ્તાન આમારૂં છે.”**

રાષ્ટ્રપિતા ગાંધીજીએ Young India ના આર્ટીકલમાં ટીપુના દેશપ્રેમ અને શૌર્યના પ્રસંશા કરી કહયું હતું કે **‘દેશ અને કોમના શહીદોમાં આવો વીર કોઇ ન હતો’** (બાકી)

(554) Independence movement and the Muslims

The contribution of Muslims in India's freedom movement has been naturally large and eye-catching. The main reason why Muslims have played a role as leaders and guides in the freedom struggle was that when the British started to take over India and gradually one by one state and region came under their rule, Muslims were ruling over a large part of India. Fatah Ali Khan Tipu Sultan (AD 1799), ruler of Mysore, was the first hero to recognize the menace of slavery. Who realized with his foresight and intelligence that the British would continue to occupy one state and region in this way and if no organized force came forward to confront them, they would make the whole country their puppet so they started a war against the British with their full arms, equipment and military might. For this he prepared the kings and nawab of the country for war. Who fought valiantly against the British. The dreams of the British were on the verge of being shattered but at such a time the British took the southern rulers with them so that they sacrificed their lives heroically on the battlefield of Sarangapatam on 4th May 1799. Thus death was preferred to living under the merciless gaze or slavery of the British. His historical motto was **"Better to live a day like a tiger than a hundred years like a goat"** When the English Journal Horson came to know about his martyrdom, he stood over his dead body and said these words **"From today India is ours."**

The father of the nation Mahatma Gandhi praised Tipu's patriotism and bravery in an article of **Young India** and said that **'There was no such hero among the martyrs of the country and the community'** **(remains)**

(૫૫૫) સ્વતંત્રતા ચળવળ અને મુસ્લિમો

૧૮૮૪ માં ઇન્ડીયન નેશનલ કોંગ્રેસની સ્થાપના ની ચળવળ શરૂ થઇ ત્યારથી મુસ્લિમો અને મુસ્લિમ આલીમો એમાં જોડાયેલા હતા, જજ બદરૂદ્દીન તૈયબજી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સ્થાપકો પૈકી એક તથા ઇન્ડીયન નેશ્નલ કોંગ્રસના પ્રથમ મુસ્લિમ પ્રમુખ હતા. ૧૯૦૨ માં તેઓ બોમ્બે હાઇકોર્ટના પ્રથમ હિંદી ચીફ જસ્ટીસ બન્યા. જેમાં કોંગ્રેસનું ચોથું અધિવેશન ૧૮૮૭ મદ્રાસમાં મળ્યું જેના પ્રમુખ બદરૂદ્દિન તૈયબજી હતા. કેટલાક મુસ્લિમો અલગ મોરચાની તરફેણ કરતા હતા પરંતુ મુસ્લિમ વિદ્રાનો અને ચિંતકો સહીત બહુમતી લોકો કોંગ્રેસના સમર્થન અને રાજકીય અને કોમી ચળવળોમાં ભાગ લેવા માટેના પક્ષમાં હતા. ૧૮૮૮ માં મોલાના મોહંમદ લુધયાનવી સાહેબે પોતાનું એક ધાર્મિક પુસ્તક બહાર પાડયું જેમાં મુસ્લિમોને કોગ્રેસમાં જોડાવા માટેની હાકલ કરવામાં આવી,જેમાં હિંદુસ્તાન ઉપરાંત બગદાદ અને મદીનાના વિદ્વાનોનું અનુમોદન પણ હતું. હિંદુસ્તાની આલીમોમાં પ્રખર આલીમ મોલાના રશીદ અહમદ ગંગોહી અને મોલાના લુત્ફુલ્લાહ અલીગઢી (રહ.) પણ શામેલ હતા.

૧૮૫૭માં અંગ્રેજોએ ભારતમાં દગા અને કાવતરા દ્વારા પ્લાસીના મેદાનમાં સત્તાના બી રોપ્યા ત્યારથી એકસો વર્ષના ગાળામાં શામ,દામ,દંડ ની કુટિલ રીતિ નિતી અજમાવી આખાય અખંડ હિંદુસ્તાન પર પોતાની સત્તા જમાવી. અંગ્રેજોના દમન અને શોષણનિતિ સામે અખંડ ભારતના હિંદુ મુસ્લિમોએ માતૃભૂતિની મુકિત માટે ખભે ખભા મિલાવી આંદોલનો ચલાવ્યા જેમાં હિંદુસ્તાનની ગુલામીના ખતરાને પારખરનાર સૌપ્રથમ વીર ફતહઅલી ખાન ટીપુ સુલતાન હતા. ૧૮૫૭ ના વિપ્લ ના આગેવાનોમાં દિલ્લીના છેલ્લા મોઘલ બાદશાહ બહાદુર શાહ, ફેઝાબાદના મોલવી અહમદ શાહ,અયોધ્યાના બેગમ હઝરત મહલથી માંડી મોલાના મોહંમદ અલી,મોલાના શોકતઅલી, મોલાના ઉબૈદુલ્લાહ સિંધી, મોલાના હુસેન અહમદ મદની, મોલાના અબુલ કલામ આઝાદ, જસ્ટીશ બદરૂદ્દીન તૈયબજી શેખુલ હિંદ મૌલાના મહમુદૂલ હસન,મૌલાના અબુદલબારી ફિરંગી, અઝીમુલ્લાખાન, મોલાના હસરત મોહાની વગેરે નામો ઇતિહાસના પાનાઓ પર તરી આવે છે. (બાકી)

(555) Independence movement and the Muslims

Muslims and Muslim scholars were involved in the movement to establish the Indian National Congress in 1884, Judge Badruddin Taibji was one of the founders of the Indian National Congress and the first Muslim President of the Indian National Congress. In 1902, he became the first Hindi Chief Justice of the Bombay High Court. In which the fourth session of the Congress was held in 1887 in Madras, whose president was Badruddin Taibji. Some Muslims favored a separate front but the majority, including Muslim scholars and thinkers, were in favor of supporting the Congress and participating in political and communal movements. In 1888 Molana Mohammad Ludhayanvi Sahib brought out a religious book of his own calling for Muslims to join the Congress, which had the approval of the scholars of Baghdad and Medina in addition to India. The most ardent scholar among the Muslim scholars of India Molana Rashid Ahmad Gangohi and Molana Lundullah Aligarhi (rah.) were also included.

In 1850, the British planted the seeds of power in Plassey battlefield in India through deception and conspiracy, in a period of one hundred years, they established their power over the whole of India by trying the crooked policy of Sham, Dam, Dand. Against the oppression and exploitation policy of the British, the Hindu-Muslims of unbroken India joined shoulder-to-shoulder movements for the liberation of the motherland, in which the first hero to recognize the threat of slavery in India was Fatah Ali Khan Tipu Sultan. Among the leaders of the revolt of 1857 were Bahadur Shah, the last Mughal emperor of Delhi, Molvi Ahmad Shah of Fezabad, Begum Hazrat Mahal of Ayodhya, Molana Mohammad Ali, Molana Shokatali, Molana Ubaidullah Sindhi, Molana Hussain Ahmad Madani, Molana Abul Kalam Azad, Justice Badruddin Taibji, Shaikhul Hind Maulana Mahmudul Hasan, Maulana Abudalbari Firangi, Azimullah Khan, Maulana Hasrat Mohani etc. Float on the pages of history. **(remaining)**

(૫૫૬) મુસ્લિમો - સ્વતંત્રતા પહેલાં અને પછી

હિંદુસ્તાનની આઝાદીની ચળવળના છેલ્લા નાઝુક અને નિર્ણાયક તબકકામાં કોગ્રેસના પ્રમુખ પદનું સુકાન મોલાના અબુલ કલામ આઝાદે સંભાળ્યું. અને અંગ્રેજ પ્રતિનિધિમંડળો સાથે મહત્ત્વની બેઠકોમાં કોંગ્રેસનું પ્રતિનિધિત્વ કર્યું.

હિંદુસ્તાનના ઇતિહાસમાં સ્વાતંત્ર્ય પછી મહત્વની બાબત એ બની કે મુસ્લિમ વિદ્વાનો અને નેતાઓ સ્વાતંત્ર્ય પ્રાપ્તિની મંઝીલ મળી ગઇ તે પછી પોતપોતાના શૈક્ષણિક,સામાજીક અને ધાર્મિક કાર્યોમાં પ્રવૃત્ત થઇ ગયા અને રાજકીય ક્ષેત્રેથી અલિપ્ત થઇ ગયા. જેનું સીધું પરિણામ એ આવ્યું કે ક્રમશ:જુદા જુદા ચાવીરૂપ હોદાઓ અને જાહેર ક્ષેત્રોમાંથી મુસ્લિમોની સંખ્યા ઘટતી ગઇ.

સ્વાતંત્ર્ય પછી જે મુસ્લિમોએ રાજકીય ક્ષેત્રે સક્રિય રહી માતૃભૂમિ માટે મહત્વનો ફાળો આપ્યો. તેમાં સ્વતંત્ર ભારતના સર્વપ્રથમ વિદ્વાન શિક્ષણ પ્રધાન મૌલાના અબુલકલામ આઝાદ, ડૉ.રફી અહમદ કિડિવાઇ - (આઝાદ ભારતના પ્રથમ પ્રધાન મંડળમાં ફર્સ્ટ મીનીસ્ટર ઓફ કોમ્યુનીકેશન તથા ફૂડ & કલ્ચર મીનીસ્ટર) જનરલ અ.હમીદ, ડૉ.ઝાકીર હુસૈન જેવા શિક્ષિત મહાનુભવોએ દેશસેવા માટે અગત્યનો ફાળો આપ્યો. પરંતુ અન્ય મુસ્લિમ વિદ્વાનોએ શૈક્ષણિક કાર્ય, સામાજિક સુધારણા કાર્યો, મદ્રસાઓ પાછળ પોતાનો સમય અને શકિત કુરબાન કર્યા મદ્રસાઓમાં એક અલગ શૈક્ષણિક માળખાની રચના કરવામાં આવી,જેમાં હજારો વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ પૂર્ણ કરી ડિગ્રી પ્રાપ્ત કરે છે અને શિક્ષણ,સમાનતા અને ભાઇચારાના આદર્શોનો પ્રચાર પ્રસાર કરે છે.

મોલાના અબુલ કલામ આઝાદે અગિયાર વર્ષના શિક્ષણમંત્રી કાળમાં ભારતના વર્તમાન અદ્યતન શૈક્ષણિક માળખાને સુવ્યવસ્થિત કરવામાં મહત્વનો ફાળો આપ્યો. ફરજીયાત મફત શિક્ષણ, ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી તથા યુનીવર્સીટી ગ્રાંટ કમિશનની સ્થાપનાનો યશકલગી મોલાના આઝાદને શિરે જાય છે શૈક્ષણિક પરિવર્તન અને અદ્યતન વિચારોને લઇ તેમનો જન્મ દિન રાષ્ટ્રીય શિક્ષા દિવસ (National Education Day) તરીકે મનાવવામાં આવે છે.

યુનીવર્સીટી ગ્રાંટ કમિશન (U G C) ઓલ ઇન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનીકલ એજયુકેશન (A C T E) ખડગપૂર ઇન્સ્ટીયુટ ઓફ હાયર એજયુકેશન, ધ યુનીવર્સીટી ઓફ એજયુકેશન કમિશન, ધ સેકન્ડરી એજયુકેશન કમિશનનું ગઠન નોંધનીય છે. I I S C સ્કુલ ઓફ આર્કિટેકચર એન્ડ પ્લાનીગ, જામિયા મિલ્લિયા ઇસ્લામીયા અને I I T ખડગપૂરની સ્થાપના મોલાના આઝાદે કરી હતી.

(556) Muslims - Before and After Independence

Molana Abul Kalam Azad took the helm of the Congress President in the last critical and critical phase of India's freedom movement. And represented the Congress in important meetings with the British delegations.

The important thing in the history of India after independence was that Muslim scholars and leaders became active in their academic, social and religious activities after achieving the goal of independence and became detached from the political arena. The direct result of which was that the number of Muslims gradually decreased from various key positions and public sectors.

After independence, the Muslims who were active in the political arena contributed significantly to the motherland. Among them Maulana Abul Kalam Azad, the first Education Minister of independent India, Dr. Rafi Ahmad Kidivai – (First Minister of Communication and Food & Culture Minister in the First Cabinet of freedom India) Educated personalities like General A. Hameed, Dr. Zakir Hussain made important contribution to national service. But other Muslim scholars sacrificed their time and energy behind educational work, social reform works and madrasas. A distinct educational structure was created in madrasas, where thousands of students completed their studies and obtained degrees and propagated the ideals of education, equality and brotherhood.

Molana Abul Kalam Azad during his eleven years as Education Minister contributed significantly to streamlining India's current advanced educational infrastructure. Molan Azad is credited with establishing compulsory free education, the Indian Institute of Technology and the University Grants Commission. His birth day is celebrated as National Education Day for educational change and advanced ideas.

The formation of the University Grants Commission (UGC) All India Council for Technical Education (ACTE), Kharagpur Institute of Higher Education, the University of Education Commission, the Secondary Education Commission is noteworthy. IISC School of Architecture and Planning, Jamia Millia Islamia and IIT Kharagpur were founded by Molana Azad.

(૫૫૭) અલ્લાહતઆલા સામે કરગરવું અને શુક્રઅદા કરવું

રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું અલ્લાહ તઆલા એ મક્કા મુકર્રમહના આ પથરેલા મેદાનને મારા સામે કરીને મને આ ઇખ્તિયાર આપ્યો કે જો હું પસંદ કરૂં તો અલ્લાહતઆલા પોતાની કુદરતથી સોનુ બનાવી આપે. મેં અર્ઝ કર્યું યા પરવરદિગાર! હું તો આ ઇચ્છુ છું કે એક દિવસ પેટ ભરીને ખાઉં તો એક દિવસ ભુખ્યો રહું. જયારે હું ભુખ્યો રહું તો તારા સામે કરગરુ (રડીને આજીઝી કરૂં) અને જયારે પેટ ભરેલું હોય તો તારી તારીફ કરૂં અને તારો શુક્ર અદા કરૂં. (તિરમિઝી શ., મુ.અહમદ)

મઝલુમની બદદુઆ: હઝ.અબુ હુરૈરહ ﷺથી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺએ ઇરશાદ ફરમાવ્યું કે મઝલૂમની બદદુઆ જે ઝાલીમના હકમાં હોય,વાદળોના ઉપર ઉઠાવી લેવામાં આવે છે, આસ્માનોના દરવાજા આ દુઆ માટે ખોલી દેવામાં આવે છે.અને અલ્લાહતઆલા ફરમાવે છે કે હું તારી મદદ જરૂર કરીશ,ભલે થોડા મોડે પણ હોય. (મુ.અહમદ, તિરમિઝી શ.)

(557) Lamentation to Allah andthanksgiving to Allah

Rasoolullah (S.A.W) said, Allah Ta'ala placed in front of me this stony ground of Makkah Mukarramah and gave me the option that if I wish, Allah would make gold from His power. I said, Ya Allah! I want to eat one day and stay hungry one day. When I am hungry, I cry in front of you and when I am not a hungry, I praise you and give thanks to you. (Tirmidhi Sh., M. Ahmad)

The curse of the oppressed: It is narrated from Hazrat Abu Hurairah that Rasulullah (S.A.W) said that the curse of the oppressed which belongs to the oppressor, is lifted above the clouds, the gates of the heavens are opened for this dua. And Allah says that I will help you, even if it is a little late. (Mu. Ahmad, Tirmizi Sh.)

(૫૫૮) એ મુસલમાનો ! તૌબા કરો...

ગુનાહોમાં સંડોવાયેલા રહેવા સાથે રિવાજી તોર પર કુનૂતે નાઝિલહ પેઢી લેવું કોઈ ફાયદો નથી, જેવી રીતે કે કૂવામા ઉંદરના પડી જવાથી કૂવો નાપાક થઈ જાય તો પહેલા ઉંદરને કાઢયા પછી 20 અથવા 30 ડોલ પાણી કાઢી લેવાથી કૂવો પાક થઈ જાય છે. ઉંદર કાઢયા વગર 20 થી 30 ડોલ પાણી

કાઢવા છતાં કૂવો પાક થતો નથી, બરાબર એ જ પ્રમાણે પ્રથમ ગુનાહોથી તૌબા કરવામાં આવે અને પછી મુસીબતો ને દૂર કરવા માટે કુનૂતે નાઝિલાહ પઢવામાં આવે તો જ મકસદ હાસિલ થશે, ગુનાહોથી સાચી અને પાકી તોબા કર્યા વગર ગુનાહોમાં સંડોવાયેલા રહેવું અને સાથે કુનૂતે નાઝિલહ પઢવાનો શું મતલબ? (ફતાવા રહીમીયહ,ભાગ-૩ /૩૨૮)

નવી પેઢીની વિચિત્ર હાલત : જો વર્તમાન સમયમાં આખા સમાજનું વિહંગાવલોકન અને સમિક્ષા કરવામાં આવે તો કદાચ બહુમતી એવા લોકોની જોવા મળશે જેઓ કુર્આન શરીફ નાઝેરહ નથી પઢી શકતા, જેઓ નમાઝ સહી તરીકાથી નથી પઢી શકતા. તેનું કારણ એ છે કે બાળક પૈદા થતાંની સાથે માં-બાપ એ ચિંતા તો કરે છે કે બાળકને કઈ ઇંગ્લિશ મીડીયમ સ્કુલમાં દાખલ કરવામાં આવે પરંતુ દીનની તાલીમ બાબતે ધ્યાન અને ફિકર નથી કરવામાં આવતી. - મુફ્તી તકી ઉસ્માની સાહબ દા.બ. (વિશ્વના 500 પ્રભાવક મુસ્લિમોની 2020 ના પ્રથમ સ્કોલર)

(558) O Muslims! Repent

There is no benefit in reciting Qunoot e nazilah in a customary manner while being involved in sins, Just like if a well becomes impure due to a rat falling into a well, after removing the rat, removing 20 or 30 buckets of water makes the well pure. Even after removing 20 to 30 buckets of water without removing rats, the well does not become clean, similarly, the purpose will be achieved only if one first repents of the sins and then recites Qunoot e Nazilah to remove the troubles. What's the meaning of being involved in crimes without true and mature repentance and reciting Qunoot e Nazilah at the same time? (Fatawa Rahimiyah,3/328)

The strange condition of the new generation If one observes and evaluates the entire society in the present day, one would probably find a majority of people who cannot recite the Qur'an Sharif Nazerah correctly, they cannot perform Namaz properly. The reason is that as soon as a child is born, parents worry about which English medium school the child should be admitted to. But no attention and concern is given to the training of Deen.

By : Mufti Taqi Usmani Sahab D.B.

(First scholar among the world's 500 most influential Muslims of 2020)

(૫૫૯) જો આપણે બાળકોની દીની કેળવણીનો સુયોજિત બંદોબસ્ત ન કર્યો તો...

કુર્આનેપાક અને હદીસના અહકામથી સાબિત થાય છે કે પ્રત્યેક મુસલમાન સ્ત્રી-પુરુષની વ્યક્તિગત જવાબદારી છે કે તે પોતાના ઘરવાળા-બાળકોને એવી તાલીમ આપે જે આખિરતની કામિયાબીનો ઝરીઓ બને. જેથી પ્રત્યેક મુસલમાન માટે જરૂરી છે કે પોતાની આ જવાબદારીને નજર સમક્ષ રાખે અને અન્યોને પણ એનું ભાન કરાવે, પ્રોત્સાહિત કરે. આજે માત્ર શાળા-કોલેજો જ નહીં પરંતુ સરકારી પ્રસાર માધ્યમો દ્વારા સામાજિક સંસ્કૃતિ અને જૂની સંસ્કૃતિના નામથી એક ખાસ કલચર અને ધાર્મિક રિવાજો અને વિધિઓ મોટા પાયે પ્રસારિત કરવામાં આવે છે.

જો આપણા બાળકોની દીની તાલીમ અને કેળવણીનો સૂયોજિત બંદોબસ્ત ન કરવામાં આવે તો એ બાબતનો સખત ખતરો છે કે આપણી નવી પેઢી પોતાના દીન, દીની અકીદા, દીની અમલો, સંસ્કૃતિ અને શિક્ષણથી નાવાકિફ (અપરિચિત) હોવાના કારણે અન્યોની સંસ્કૃતિના અને રીતીરિવાજોના પ્રસંશક બની જાય. આ બાબતમાં આપણી ગફલત, બેપરવાહી, સરળતા પસંદી, આપણી કોમી ઓળખ, કાર્યો, બલકે આપણા અસ્તિત્વની સામે ખતરાની પૂર્વભૂમિકા પુરવાર થશે.

એટલા માટે ભલે સંજોગોથી વિપરિતતા, હાલાત ની અસમાનતા તથા વિરુદ્ધ પરિબળો (શક્તિઓ) દ્વારા સર્જવામાં આવેલ મુશ્કેલીઓ હોવા છતાં પોતાની રીતે યથાશક્તિ, તાલીમ અને કેળવણીની જવાબદારી અદા કરવી પડશે. આ દિશામાં કરવામાં આવેલ સામાન્ય પ્રયત્નો પણ આપણી દુનિયા અને આખિરતની સમૃદ્ધિ અને ખૂબ સારા બદલા નું નિમિત્તે બનશે.

(અઝ : સૈયિદુલ મિલ્લત હઝ. મૌ. મુહમ્મદ મિયાં સા.રહ.)

(ખૂતબાતે ફિદાએ મિલ્લત પેજ ૨૮૨-૨૮૩)

(559) if we do not make proper arrangements for religious education of children…

The Qur'anic and Hadith statements prove that it is the personal responsibility of every Muslim, male and female, to train their household-children in ways that will be the source of success in the Hereafter. So it is necessary for every Muslim to keep this responsibility in front of his eyes and to make others aware of it and encourage it. Today a particular culture and religious customs and rituals are propagated on a large scale in the name of social culture and old culture not only by schools and colleges but also by government media.

If the religious training and education of our children is not planned, there is a serious danger that our new generation will become admirers of other's culture and customs due to being unfamiliar with their own religion, religious beliefs, religious practices, culture and education. In this matter our blunder, carelessness, preference for simplicity, our communal identity, deeds, rather, it will prove to be a threat to our existence.

That is why, despite the difficulties created by the circumstances, the inequality of the situation and the opposite factors (powers), one has to shoulder the responsibility of perseverance, training and education in one's own way. Even the ordinary efforts made in this direction will lead to the prosperity of our world and the Hereafter and a very good reward.

(Az: Sayyidul Millat Haz. Mau. Muhammad Mian Sa.Rah.)

(Khutbaat E Fida-E-Millat : Page 282-283)

(૫૬૦) બાપ જન્નતનો દરવાજો છે...

હઝ.અબુ દરદાઅ ﵁ એ ફરમાવ્યું : મેં રસુલુલ્લાહ ﷺ થી સાંભળયુ કે આપે ફરમાવ્યું : બાપ જન્નતનો વચલો દરવાજો છે ચાહે તો એને બરબાદ કરે અથવા હિફાઝતથી રાખે.(જામેઅ તિરમિઝી)

સહાબએ કિરામ ﵃ પોતાના માં-બાપ થી એટલી મુહબ્બત રાખતા હતા કે એમને થોડી તકલીફમાં નાંખવુ પણ પસંદ ન કરતા હતા. એક વખત સન.૧૨-હિજરી માં હઝ.અબુબકર ﵁ એ ઉમરહ અદા કર્યો. ચાશ્તના વખતે આપ મક્કા મુર્કરમહમાં દાખલ થયા અને મક્કામાં પોતાના ઘરમાં આવ્યા. દરવાજા પર આપના વાલિદ હઝ.કુહાફા ﵁ બેઠા હતા, એમને દેખાતું ન હતું. લોકોએ એમને બતાવ્યું કે મદીનાથી આપનો દીકરો અબુબકર આવ્યો છે, હઝ.કુહાફા બેટાની મુહબ્બતમાં ઉભા થઇ ગયા, હઝ.અબુ બકર ﵁જે ઊંટની પર સવાર હતા પોતાની ઊંટનીને જલ્દીથી બેસાડવા લાગ્યા, હજુ ઊંટની ઉભીજ હતી કે જલ્દીથી નીચે છલાંગ લગાવી અને દૂરથી બુમ પાડવા લાગ્યા એ અબ્બાજાન! આપ ઉભા ન થાઓ, આવીને જલ્દીથી બાપથી ભેટી પડયા અને એમની પેશાનીને બોસો દીધો, હઝ.કુહાફા બેટાના આવવાની ખુશીમાં રડવા લાગ્યા.(તબકાત ઇબ્ને સઅદ)

(560) Father is the gate of heaven...

Hazrat Abu Darda'a ﵁ said: I heard from Rasulullah ﷺ that he ﷺ said, Father is the middle gate of Paradise, one can destroy it or protect it if he wants. (Jami'a Tirmidhi)

Sahaba e Kiram ﵃ loved their parents so much that they did not like to put them in any trouble. Once Haz. Abu Bakr ﵁ performed Umrah in Sun.12-Hijri. At the time of Chasht he entered Makkah Murkarmah and came to he (R.A)'s house in Makkah. His father Hazrat Kuhafa ﵁ was sitting at the door, he was a blind person. The people showed him that your son Abu Bakr has come from Madinah, hazrat Kuhafa got up in love with the son, Hazrat Abu Bakr ﵁ who was riding on a camel quickly started to mount his camel. The camel was still standing when he quickly jumped down and started shouting from a distance, O father! Don't you get up, he quickly came and embraced the father and kissed his forehead, Haz. Kuhafa began to cry for the arrival of the son. (Tabqat Ibn Sa'ad)

(૫૬૧) મેહમાની (આતિથ્ય)ની ફઝીલત

હઝ.ઇબ્ને અબ્બાસ ﵁ ફરમાવે છે કે રસુલુલ્લાહ ﷺએ ફરમાવ્યું: જે ઘરમાં ખાવું ખવડાવવા માં આવે (મેહમાન ઘણા આવતા હોય) એ ઘરમાં ખેર (ભલાઇ) એટલી ઝડપથી પહોંચે છે જેવી રીતે છરી ઊંટની કોહાનમાં તેઝીથી પ્રવેશે છે.

સહાબએ કિરામ ﵃જેવી રીતે બીજા કામોમાં ફઝાઇલને પ્રાપ્ત કરવામાં ઘણા ઉત્સાહી(ઉતાવળા-લાલચુ) હતા એવીજ રીતે કોઇ મેહમાનની મેઝબાનીમાં પણ પ્રાથમિક કરવાની કોશીશ કરતા હતા. હુઝુર ﷺ ની ખિદમતમાં જયારે વફદ અબ્દેકૈસ ના લોકો હાજર થયા તો આપ ﷺ એ અન્સાર સહાબાની તરફ સંબોધિત થઇને ફરમાવ્યું: પોતાના ભાઇઓની મહેમાનગતિ કરો કેમકે એમનું રહન સહન અને ઇસ્લામમાં તે તમારા લોકોના જેમ છે,અને બળજબરી વગર ઇસ્લામ લાવ્યા છે. અન્સાર સહાબા ﵃એ એમને ઘણી ખુશી અને ઉત્સાહથી કબુલ કર્યા. સવારના જયારે એ લોકો ખિદમતે અકદસમાં હાજર થયા તો આપ ﷺએ એમને પુછયું કે તમારા ભાઇઓએ તમારી સાથે કેવો વર્તાવ કર્યો? તો વફદ અબ્દેકેસના લોકોએ જવાબ આપ્યો કે ઘણા સારા લોકો છે,અમારા માટે નરમ નરમ બિસ્તર,સારૂં સારૂં ખાણું ખવડાવ્યું અને પૂરી રાત કુર્આન અને સુન્નતની તાલીમ આપી. આપ ﷺ ઘણા ખુશ થયા અને તેઓએ રાત્રિ સમય દરમિયાન કંઇ શીખ્યું હતું તે આપ ﷺ ને સંભળાવ્યું. (મુ.ઇબ્ને હમ્બલ)

(561) Virtues of hospitality

Hazrat Ibn Abbas ﵁narrated that Rasulullah ﷺ said: Goodness reaches a house in which food is fed (in which many guests come) as quickly as a knife enters a camel's hump.

The Sahabah ﵃ just as they were very enthusiastic about acquiring virtues in other activities, tried to make it a priority in hosting a guest. When the pe

ople of Wafad Abdekes came to Huzur ﷺ, he ﷺ addressed the Ansar Sahaba and said: Entertain your brothers, in Islam, they are like your people, and have accepted Islam without compulsion. Ansar Sahaba ﵃ accepted him with great joy and enthusiasm. In the morning when those people appeared in the service of Prophet Muhammad ﷺ,he ﷺ asked them how your brothers treated you? So the people of Wafad Abdekes replied that they are very good people, they gave us a soft bed, good food and gave us training of Quran and Sunnah all night. He ﷺ was very happy and told him ﷺ what they had learned during the night. (Mu.Ibn Humble)

(૫૬૨) સૌ પ્રથમ હદીસ હિંદુસ્તાનમાં ગુજરાતમાં આવી...

આજથી ૭૦૦/૮૦૦ વર્ષ પહેલાં અહમદાબાદમાં હદીસનો સબક થતો હતો અને તે સમયે શેખ અબુલ મક્કી રહ.એ પોતાના હાથે ફતહુલબારી નામની કિતાબ લખી.તેના(૧૭)સત્તર ભાગો અહમદાબાદના મહમૂદશાહ બાદશાહ કુતૂબખાનામાં મૌજુદ છે. આ એટલા માટે કે ગુજરાત હિંદુસ્તાનનો દરિયા કિનારાનો વિસ્તાર છે.

રબીઅ બિન સબીહ જેઓ તબેતાબીઇ છે જેમની બુખારી શ. મા ત્રણ રિવાયતો છે.આ રબીઅ બિન સબીહ ખૂબ ઉચાં દરજાના મુહદદીસ (હદીસના ઉસ્તાદ) થયા છે,તેઓ નર્મદા નદીના કિનારે તશરીફ લાવ્યા હતા અને તેમનો ઇન્તેકાલ પણ ભરૂચથી નજીક ભાડભુત નામના સ્થળે થયો. આજે પણ તેમની કબર ત્યાં મોજુદ છે ભલે તેમની કબરને નિશ્ચિતપણે બતાવી શકાતી નથી કે કઇ છે.

મતલબ એ કે હિંદુસ્તાનમાં હદીસની ખિદમત ગુજરાતમાં થઇ છે. એજ કારણે હઝ.મવ.અબુલ હસન નદવી રહ. ફરમાવે છે કે ગુજરાત એક સમયમાં હિંદુસ્તાનનુ ઇલ્મનું મરકઝ (કેન્દ્ર) રહયું છે, યમન,શામ અને મક્કા-મદીનાથી લોકો ઇલ્મ હાસિલ કરવા માટે ગુજરાત આવતા હતા એજ કારણ છે કે ગુજરાતીઓમાં કેટલીક અટક અરબી જાતીના લોકો જેવી જોવા મળે છે મવ.યસુફ મોતાલા સા.રહ.એ ખાસ ગુજરાતીઓની અટક વિશે એક નકશો બનાવ્યો છે અને બતાવ્યું છે કે આ અટક મૂળ કયાંથી આવી,જેમાં કેટલીક શામને મળતી જુલતી છે, કેટલીક યમન,કેટલીક મક્કા અને કેટલીક મદીનાના લોકોને મળતી આવે છે. મવ.અલીમિયાં નદવી રહ.ફરમાવે છે કે ગુજરાતીઓ પોતાનો ઇતિહાસ ભુલી ગયા છે, નહિં તો હદીસની જેટલી ખિદમત તેમણે કરી છે તેટલી અન્ય કોઇએ કરી નથી.

(ખુતબાતે હનીફ ભાગ.૧, પેજ-૨૪૨/૨૪૩)

(562) First time Hadith came to Gujarat in India...

700/800 years ago, Hadith lessons were held in Ahmedabad and at that time Sheikh Abul Makki (R.H.) wrote a book named Fathulbari with his own hand. (17) Seventeen parts of it are available in Mahmudshah Badshah Qutub Khana in Ahmedabad. This is because Gujarat is a coastal region of India.

Rabi'a bin Sabih who was a Tabe-Tabi'ee, who has three traditions in Bukhari Sharif. This Rabi'a bin Sabih was a Muhaddis (Master of Hadith) of very high rank, he came to the banks of Narmada river and also passed away at a place called Bhadbhut near Bharuch. His grave is still there today, although it cannot be determined which one is his.

It means that the service of Hadith in India has taken place in Gujarat. That is why Hazrat Mawlana Abul Hasan Nadvi (Rah.) said that Gujarat was once the center of knowledge of India. People from Yemen, Syria and Makkah-Madinah used to come to Gujarat to acquire knowledge, that's why some Gujarati surnames are similar to people of Arabic origin. Mawlana Yasuf Motala Sahab (rah.) has made a map of the surnames of particular Gujaratis and shows where these surnames originated, some similar to Syria, some Yemen, some Makkah and some Madinah. Mawlana Alimiyan Nadvi (rah.) said that Gujaratis have forgotten their history, otherwise no one else has done as much service to Hadith as they have done.

(Khutabate Hanif Vol.1, Page-242/243)

(૫૬૩) હરમૈન શરીફેનમાં મોબાઇલ દ્વારા વીડીઓ બનાવવાથી મુબારક મકામાતની પવિત્રતા(Holiness) ધ્વંસ થઇ રહી છે..

નગ્ન તસ્વીરો અને નાજાઇઝ કાર્યો પર આધારિત પ્રોગામ જોવું, સાંભળવુ બિલ્કુલ હરામ અને નાજાઇઝ છે ભલે તે મોબાઇલ દ્વારા હોય કે અન્ય કોઈ સાધન ધ્વારા પરંતુ આવા નાજાઇઝ કામો જયારે કોઇ પવિત્ર સ્થળે કે બરકતવંત સમયે કરવામાં આવે તો તેની ગંભીરતા અને બુરાઇ ખૂબ વધી જાય છે ખાસ કરી હરમૈન શરીફૈન જેવા પવિત્ર સ્થળોએ અને તે પણ તહજ્જુદ જેવા બરકતવંત (કબુલિયતના) સમયમાં આવી હરકતો (કુચેષ્ટા) કરવું ખુબજ ગંભીર કૃત્ય છે જે કોઇ મુસલમાન માટે શોભાસ્પદ નથી.

માટે જે લોકો હરમૈન શરીફૈન જેવી પાક જગ્યાઓમાં આવુ નીચ, હરામ અને નાજાઇઝ કામ આચરી રહયા છે તેઓ માત્ર સખત ગુનાહે કબીરહ નથી આચરી રહયા બલ્કે પોતાની આખિરતની બરબાદી અને તબાહીની સાથે સાથે દુનિયામાં પણ અલ્લાહના અઝાબને દઅવત આપી રહયા છે, તેમના માટે જરૂરી છે કે આવા ગુનાહોથી તાત્કાલિક અને સંપૂર્ણ રીતે દૂર થઇ જાય અને અત્યાર સુધી જે ભૂલ અને ગુનાહ થયા છે તેના માટે અલ્લાહના દરબારમાં ખુબજ આજીઝી,પસ્તાવા સાથે રડી કકરીને સાચા દિલથી સાચી તૌબા કરે અને હવે પછી આવા હરામ અને નાજાઇઝ કામોથી સંપૂર્ણ રીતે બચે- નહીતો આખિરતમાં પુછપરછતો થશે જ પરંતુ એ પણ બની શકે કે અલ્લાહતઆલા આવી મુબારક જગ્યાઓની મહાનતા અને પવિત્રતા બરબાદ કરવા બદલ આવા લોકોને ઉમ્મતને સબક આપવા માટે એમના ઉપર દુનિયામાંજ એવી સજા અને અઝાબ નાંખી આપે જે તેમને આખિરત સાથે દુનિયામાંજ બરબાદ અને ઝલીલ કરીને બતાવી આપે. કારણકે હરમૈનશરીફૈન સહીત બધીજ પાકજગ્યાઓ અલ્લાહતઆલાની નિશાનીઓ માંથી છે અને કુર્આનપાક તથા મુબારક હદીસોમાં અલ્લાહતઆલાની નિશાનીઓમાં અલ્લાહતઆલાએ આ નિશાનીઓ (શઆઇરૂલ્લાહ)ની ઇઝઝત કરવા અને બેઇઝઝતીથી બચાવવાની સખત તાકીદ કરવામાં આવી છે. **(અઝ: દારૂલ ઉલુમ-કરાંચી,જુન-૨૦૨૩)**

(563) In Harmain Sharifain, the sanctity of holy places is being destroyed by making videos through mobile phones…

Watching, listening to programs based on nude pictures and contraband works is absolutely haram and contraband whether through mobile or any other means. But when such impure acts are done in a holy place or at an auspicious time, its seriousness and evil increases a lot especially in holy places like Harmain Sharifain and also during blessed times like Tahajjud, doing such acts is a very serious act which is not be fitting of any Muslim.

So the people who are doing such lousy, haram and impure work in places like Harmain Sharifain are not only committing a great sin **(Gunaahe Kabeera)** but are also inviting the punishment of Allah in the world along with the ruin and destruction of their hereafter. It is necessary for them to turn away from such sins immediately and completely and sincerely repent to Allah for the mistakes and sins they have committed so far and henceforth avoid such Haram and not permissible acts completely – otherwise there will be inquiry in the Hereafter but it may also happen that Allah Ta'ala will punish such people in this world to teach the Ummah a lesson for ruining the greatness and sanctity of such blessed places, may Allah show them ruin and shame in the world with the Akhira. Because all the holy places, including Harmain-sharifain, are among the signs of Allah and in the Holy Qur'an and hadiths, Allah has strictly ordered to honor these signs **(Sha'aa-irullah)** and protect them from abuse.

(Fatwa by: Darul Uloom-Karachi, June-2023)

(૫૬૪) અવલાદ આંખોની ઠંડક કઇ રીતે બને?

અવલાદ એવી નેઅમત છે જેને પ્રાપ્ત કરવા માટે હઝરાતે અંબિયા અલ.જેવી ઉચ્ચ અને મહાન એવા મકબુલ બંદાઓએ પણ અલ્લાહથી દુઆ ફરમાવી, અને આ વાત ખુબ સ્પષ્ટ છે કે અવલાદ ઘણી મોટી નેઅમત છે, જો તે સાલેહ અને પાક દામન હોય અને બા અખલાક હોય,અલ્લાહ અને રસૂલ સલ. તથા વાલિદૈનની ફરમાબરદાર હોય. એવી અવલાદ ઇન્સાનના માટે નેઅમત અને આંખોની ઠંદક બની શકે છે. નહીંતો,ઇન્સાન માટે એની ઓરત અને અવલાદ તથા ઔરતના માટે એનો શોહર (ધણી) અને અવલાદ મુસીબત અને અઝાબ બની જાય તો આ વસ્તુ ઘણી તકલીફ દેનાર બલ્કે અસહય છે. કેમકે જો કોઇ અજનબીથી તકલીફ અને નારાઝગી થઇ જાય અથવા એનાથી કોઇ તકલીફ પહોંચે તો ઇન્સાન એનાથી કોઇ મસ્લીહતથી દુર થઇ શકે છે પરંતુ જો કોઇના સાથે એની પોતાની અવલાદનો જ ખરાબ વર્તાવ હોય તો નિશંક પોતાની અવલાદ એના માટે મુસીબત અને અઝાબ બની જશે. પોતાની અવલાદમાંથી જો કોઇ બુરા અખ્લાક અને બેઅદબ - બદચલન બની જાય જે પોતાના ઘરમાંજ છે જેને પાળી રહયો છે,રાત દિવસ એની આંખોના સામેજ છે, એની મેહનતની કમાઇમાંથી ખાઇ પીએ છે, મોજ કરે છે અને પછી એનું દિલ દુખાવે છે અને એને રડાવે છે. ઇન્સાન એનાથી તઅલ્લુક તોડી પણ નથી શકતો, કુદરતે બનાવેલ મજબુત રિશ્તાને તોડી શકતો નથી અને એને ઘરની બહાર પણ કાઢી શકતો નથી, બસ રાત-દિવસ ગમગીન આંખોથી એની બુરી હરકતોને જોયા કરે છે, એની બુરી આદતો અને બેઅદબીને સહન કરી રહયો છે અને ખૂન પસીનાની કમાઇ ને નાફરમાન અવલાદ બરબાદ કરી રહી છે. અવલાદના માટે ઝિંદગીભર મેહનત અને પરેશાની ઉઠાવતો રહયો જેમની રાહત અને આરામના માટે ઝિંદગી ભર આરામ અને દિલી તમન્નાઓ દબાવતો રહયો એજ અવલાદ અઝાબ બની જાય તો કોઇ પણ ઇન્સાનના માટે એનાથી મોટું દુઃખ શું થઇ શકે?

જો કોઇના દિલમા આ ઇચ્છા અને તમન્ના હોય કે એની અવલાદ એના માટે મુસીબત અને અઝાબના બદલે નેઅમત,રાહત અને આંખોની ઠંડક બને તો જરૂરી છે કે તે પોતાની અવલાદના માટે દુન્યવી મેહનત અને કોશીશની સાથે અવલાદની ઇસ્લાહની પણ ફિકર કરે અને તા'લીમ અને તરબીયતનો ઇન્તેઝામ કરે, જેનાથી અવલાદના દિલમાં આખિરતની ફિકર, અલ્લાહનો ખૌફ દુનિયાની ક્ષણભંગુરતા,મૌતના પછી આવનાર હાલાતની ફિકર કયામતના દિવસે અલ્લાહની અદાલતમાં હાજરી, પોતાના કરેલા આમાલનો હિસાબ-કિતાબ, આ બધી વસ્તુઓની તૈયારી કરવાની ફિકર પેદા થશે.

(564) How does the child become coolness of eyes?

A child is a blessing for whom even high and great maqbool servants like Ambiya (A.S) prayed to Allah. It is very clear that children are a great blessing, if they are righteous, chaste, well mannered, obedient to Allah, Rasool (S.A.W) and parents. Such a child can be a blessing and coolness for the parent's eyes. Otherwise, if a man's wife and children, and for a woman her husband and children become trouble and torment, then this thing causes a lot of trouble, rather it is intolerable. Because if a stranger causes trouble and displeasure, then a person can avoid any advice from him. But if someone is treated badly by his own children, then surely his own children will become trouble and torment for him. If one of his children becomes ill-mannered and misbehaving, he is in his own house whom he is rearing, night and day in front of his eyes, eating and drinking from the earnings of his hard work, making fun and then hurting his heart and making him cry. Man cannot even break ties with him, cannot break the strong ties made by nature and cannot even throw him out of the house, but day and night he watches his evil actions with sad eyes, tolerates his bad habits and insolence and ruins his hard earned money behind the disobedient children. He spends his whole life toiling and suffering for his children, for whose relief and comfort, kept suppressing the relax and heartfelt desires, If that child becomes a torment, what can be a greater sorrow for any person?

If there is a desire in one's heart that his child should become a blessing, relief and coolness of eyes instead of trouble and torment, then it is necessary that he should work for his child with worldly toil and effort but also worry about his correction and to provide religious education and training, which will create in the heart of the child the thought of the hereafter, the fear of Allah, the transience of the world, the thought of the condition that will come after death, the presence in the court of Allah on the Day of judgement, the account-book of his deeds, the worry of preparing all these things will arise.

(૫૬૫) બે દીન લોકોથી બચવું જરૂરી છે..

હકીમુલ ઉમ્મત હઝ.મૌ.અશરફઅલી થાનવી રહ. પોતાના મલ્ફુઝાતમાં ઇરશાદ ફરમાવે છે કે બેદીન વ્યકિત (શરીઅતનો પાબંદ ન હોય) અગર દીનની વાતો પણ કરે છે તો તેમા અંધકાર ભળેલો હોય છે... તેમાં લખાણના શબ્દોમાં પણ એક હદ સુધી અંધકાર મિશ્રિત હોય છે, અને જો દીનદાર વ્યકિત દુનિયાની પણ વાતો કરે તો તેમાં નૂર હેય છે-કારણકે વાતો મૂળભૂત રીતે દિલમાંથી નીકળે છે... તો દિલની હાલતનો અસર વાતોમાં જરૂર પડશે. આમ બોલનારનો અસર તેની વાતોમાં અને લેખકના દિલનો અસર તેના લેખનમાં જરૂર પડે છે જેથી બેદીન લોકોની સોહબત અને તેમની કિતાબોનો અભ્યાસ બિલકુલ ન કરવો જોઇએ.

ઉપરાંત ફરમાવ્યું કે અગર કોઇ કાફિર હુઝુરેપાક સલ.ની શાન (તારીફ) માં કોઇ કિતાબ લખે તો પણ ન વાંચવી જોઇએ, કારણકે તેના કુફ્રનો અસર નિશંકપણે તેના લેખનમાં પડે છે. બુઝુર્ગોએ ફરમાવ્યું કે બેદીન લોકોની મજસિલમાં પણ નબેસો, કેટલાક લોકો કહે છે કે જો કોઇ ખોટી વાત હોય તો અમે એક કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નાંખીએ છીએ. તે બાબતે ફરમાવ્યું કે આ વાત ખોટી છે. કારણકે કેટલીક વાત અંદર (દિલમાં) જઇને ઠસાઇ (અટકી) જાય છે, પછી મુશ્કેલીથી બહાર નીકળી શકે છે. **(ઇદારએ તાલિફાતે અશરફીયહ)**

(565) It is necessary to avoid non-religious (Secular) person

Hakimul Ummat Hazrat Maulana Ashraf Ali Thanvi (Rah.) states in his Malhuzaat that if a secular person (Such a person is not bound by Shariat) even talks about deen, then darkness is mixed in it. There is a degree of darkness mixed in even the words of the text, and light if the pious person speaks of the world as well – because the words basically come from the heart... So the condition of the heart will affect the talk. Thus the effect of the speaker in his words and the writer's heart is affected in his writing, So one should not be companionship with secular (Bedeen) person and should not be studied their books at all. It is also said that even if a disbeliever writes a book in praise of Hazrat Muhammad (S.A.W), it should not be read, because the effect of his kufr is undoubtedly in his writing. Elder scholars said that do not even sit in the Majlis of secular (Bedeen) people, some people say that if there is something wrong, we hear it from one ear and discard it from the other ear. They said that this is wrong. Because some things go inside (heart) and get stuck, then can come out with difficulty.

(Idara E Talifate Ashrafiyyah)

(૫૬૬) તમો એકલા પરેશાન નથી,
દુનિયા છે જ દુ:ખોનું ઘર

તમો પરેશાન કેમ છો? અલ્લાહતઆલાએ પહેલાંથી જ કુર્આનમજીદમાં બધુંજ બતાવી દીધું છે કે જે મુસીબતો તમારા પર આવે છે તમારાજ કરતુતો છે...બીજુ ઘણું તો માફ કરી દઇએ છીએ... આ દુનિયાજ આઝમાઇશની જગા છે અસલ આરામ આખિરતમાં મળશે... હાલની પરેશાનિયોનો એકજ ઇલાજ તૌબા અને અલ્લાહતઆલાની તરફ રૂજુઅ.

સૂરએ તૌબામાં અલ્લાહતઆલા ઇર્શાદ ફરમાવે છે: **'કુલ્લય્યુસીબના ઇલ્લા મા કતબલ્લાહુલના હુવ મવલાના વઅલલ્લાહિ ફલ્યતવક્કલિલ મુઅમિનુન'**

અલ્લાહતઆલા હુઝૂર ﷺ ને ઇર્શાદ ફરમાવી રહયા છે કે તમો કહી દો કે અલ્લાહતઆલાએ અમારા મુકદ્દરમાં જે તકલીફો લખેલી છે અમને એના વગર કોઇ તકલીફ નહી પહોંચી શકે, તે અમારો રખેવાર છે અને અલ્લાહતઆલા પર મોમીનોને ભરોસો રાખવો જોઇએ.

સૂરએ બકરહમાં અલ્લાહતઆલા ઇર્શાદ ફરમાવે છે: જુઓ! અમે તમને જરૂર અજમાવીશું કદી કંઇક ડરથી, કદી ભુખથી અથવા કદી જાન-માલ અને ફળોમાં કમી કરીને જે લોકો આવી પરિસ્થીતીમાં ધૈર્યથી કામ લે તેઓને ખુશખબરી સંભળાવીદો.

નબીએકરીમ ﷺનો ઇર્શાદ છે : લોકો માટે એક સમય એવો આવશે કે તેમાં પોતાના દીન પર ધૈર્ય રાખનાર મુઠ્ઠીમાં અંગારા પકડનારની જેમ હશે. (તિરમિઝી.શ.)

એક અન્ય રિવાયતમાં નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યુંકે "દુનિયા ખતમ ન થશે અહિં સુધીકે એક માણસ કબ્રની પાસેથી પસાર થશે અને ફરી પાછો આવીને કહેશે કે કાશ! આ કબ્રવાળાને બદલે હું અહિંયા હોતે! પાછા ફરીને આમ કહેવું એ દીનના કારણે નહી બલ્કે પરેશાનીઓ અને મુસીબતોના કારણે હશે.

એક હદીસે કુદસીમાં અલ્લાહતઆલા ફરમાવે છે 'જે મારા ફેસલા પર રાજી ન થાય...મારી કસોટી પર સબર ન કરે...મારી નેઅમતો પર શુક્ર અદા ન કરે... અને મારા આપેલા ઉપર કનાઅત (સંતોષ)ન રાખે તો તેને જોઇએ કે મારા સિવાય કોઇ અન્ય રબ (પૂજ્ય) શોધી લે. **(અઝ: મહાસિને ઇસ્લામ-જુન-૨૦૨૩)**

(૫૬૭) વાલિઓએ છોકરાઓ કરતાં વધારે છોકરીઓની તરબિયતનો ખ્યાલ રાખવો જોઇએ...

માનવંત વડીલો! યાદ રાખવું જોઇએ કે સ્ત્રીમાં લાગણીશીલ (જઝબાતી-Emotional) સ્વભાવ રાખવામાં આવ્યો છે અને તેઓ ઉગ્રતા લાવનારી બાબતોથી ઘણી જલ્દી પ્રભાવિત થઇ જાય છે અને નવી સંસ્કૃતિ, ધ્યાનાકર્ષિત કરનાર બાબતો અને દુનિયાની રોનક તથા પ્રવાહ તરફ ચાલી પડે છે જેથી તે સીધા માર્ગથી ઘણી જલ્દી દૂર થઇ જાય છે અને માહોલના રંગે રંગાઇ જાય છે,જેમાં તેમને દીન તરફથી કોઇ રૂકાવટ દેખાય છે ન તો તેમના દિલ (અંતરાત્મા) ડંખે છે, ન તો નિર્ણયની પરિપકવતા હોય છે અને ન તો પરિણામ પર નઝર હોય છે.

તેથી આપની ફરજ છે કે છોકરાઓ કરતાં છોકરીઓનુ ખાસ ધ્યાન રાખો કે જેથી તેઓનું ઇમાન ન ડગમગે કે અખ્લાક ન બગડે અને તેઓ બેહયાઇ અને સ્વચ્છંદતાની બરબાદી તરફ ન ચાલી પડે,કે જેના પરિણામે તેઓ પ્રાણપ્રિય ઇસ્લામ અને શરાફતથી પણ વિચલિત (દૂર) થઇ જાય.

એટલાજ માટે બાળકોની તરબિયત કરનાર વાલિઓ! ઇસ્લામ આપને ફરજ પાડે છે કે તમો પોતાની દીકરીઓ માટે પોતાના ઘર અને મદ્રસામાં સારો માહોલ અને પાક વાતવરણ પુરુ પાડો, જેથી તમો તેઓને કોઇ ભુલ ચૂક કરવાથી અને ખોટા માર્ગે જવાથી બચાવી શકો.

માટે જો બાપ પોતાની દીકરીની પાકદામની (ચારિત્ર્ય શુધ્ધિ) અને ગુનાહોથી પાક (નિર્મલ) માહોલ પુરૂં પાડવા માટે શકિતમાન નથી તથા પોતાના લખ્તેજીગરો માટે સારો-પાક માહોલ નથી પેદા કરી શકતા તો એવા બાપ માટે શરઇ દૃષ્ટિએ હરામ છે કે તે દીકરીઓને તાલીમ માટે એવા ખરાબીઓના કેન્દ્રમાં મોકલે જે તેમને અધંકારમાં ફેંકી દે અને પરિણામે દીકરી પોતાના પ્રાણપ્રિય દીન અને ઇઝઝત એને ચારિત્ર્ય(immaculate)ને ખોઇ બેસે.**(તરબિયતે અવલાદકા ઇસ્લામી નિઝામ,- બકલમ શેખે તરીકત હઝ.મૌ.શાહ મોહંમદ કમરૂઝઝમાં સા.દામત બરકાતુહુમ.)**

(567) Parents should be more aware of girls education than boys...

Human elders! It should be remembered that women have an emotional nature and they are easily affected by things that bring aggravation. And the new culture, distractions, and rushes into the world's ebb and flow so that they are quickly diverted from the straight path and they are painted in the colour of the environment, in which they see any hindrance from religion, neither their heart (conscience) stings, nor maturity of decision nor eye on the result.

Therefore, it is your duty to take special care of girls than boys so that their faith does not waver or their morals deteriorate and they do not go towards immorality and destruction of cleanliness, as a result of which they also deviate (away) from the beloved Islam and nobility.

That's why parents who train children! Islam gave you a responsibility to provide a good environment for your daughters in your home and madrasa, so that you can save them from making any mistakes and going astray.

So, if the father is not able to his daughter's Chastity and provide a clean environment from sin and if a father cannot create a good-holy environment for his children, then it is haraam according to Shari'at for a father to send his daughters for training in the center of such evils that throw them into darkness and as a result the daughter loses her beloved religion and character.

From book : Tarbiyate Aulad ka Islami Nizam
By : Peere Tarikat Hazrat Maulana
Shah Muhammad Qamruzzaman sa. (D.B)

પ્યારા નબી સલ.ની વિશેષતા (૧)

હઝરત હસન બિન અલી ؓ પોતાના મામાથી નકલ કરે છે કે એમણે ફરમાવ્યું કે! રસુલુલ્લાહ ﷺ પોતે પોતાના જાત અને સીફાતના એતેબારથી સારા હતા અને બીજાઓની નજરમાં પણ મોટા દરજાવાળા હતા. આપ ﷺ નો મુબારક ચેહરો ચૌદમી ચાંદની જેમ ચમકતો હતો.

હઝરત કઅબ બિન માલિક ؓ બયાન ફરમાવે છે કે "જયારે પેગમ્બર ﷺ ખુશ હોયતો આપ ﷺ નો મુબારક ચહેરો એટલો પ્રકાશિત થઇ જતો હતો જેમકે તે ચાંદનો ટુકડો છે અને અમો આ ચમકથી આપ ﷺ ની ખુશીને સમજી જતા હતા.

ઇમામ સુયુતી રહ. પોતાની કિતાબ ખસાઇસે કુબરામાં હઝરત આઇશા ؓ નો આ ઇરશાદ નકલ ફરમાવ્યો છે કે હું વહેલી સવારે કંઇક સીવી રહી હતી કે સોય મારા હાથથી પડી ગઇ.હું શોધતી હતી પરંતુ સોય ન મળી, એવામાં જનાબે રસુલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા તો આપ ﷺના મુબારક ચહેરાના નૂરના કિરણોથી તે સોય મળી ગઇ. મેં હુઝુર ﷺ ને બતલાવ્યું તો આપ ﷺ એ ઇરશાદ ફરમાવ્યો કે એ હુમૈરા! અફસોસ સદ અફસોસ જે માણસ મારી ઝીયારતથી મહરૂમ (અભાગ્ય) રહયો.

(શમાઇલે રસુલ સલ. અઝઃ મુફતી સલમાન મનસૂરપુરી દા.બ.)

Attributes of the Beloved Prophet ﷺ (1)

Hazrat Hasan bin Ali ؓ copied from his maternal uncle that he said that! Rasulullah ﷺ himself was good in himself and in character and had a great status in the eyes of others. The blessed face of the Prophet ﷺ shone like the fourteenth moon.

Hazrat Ka'ab bin Maalik ؓ narrates that when the Prophet ﷺ was happy, His ﷺ's blessed face would shine like a piece of moon and we could understand his ﷺ's happiness by that glow.

Imam Suyuti (Rah.) has copied Hazrat Aisha ؓ saying in his book that I was sewing something early in the morning when the needle fell from my hand. I was looking for the needle but could not find it, when Rasulullah ﷺ came, the needle was found by the rays of light from his ﷺ's blessed face. I told Huzoor ﷺ , then he ﷺ told me that O Humaira! Alas, alas, the man who was deprived of my pilgrimage (Ziyarat).

(**Shamaile Rasool ﷺ** By: Mufti Salman Mansoorpuri D.B.)

પ્યારા નબી સલ.ની વિશેષતા (૨)

હઝ. ઝુહૈફા ﷺ ફરમાવે છે કે લોકો ઉભા થઇને પૈગમ્બર ﷺ ના હાથોને પોતાના મુંહ(ચેહરા) પર ફેરવવા લાગ્યા-ફરમાવે છે કે મેં પણ હુઝુર ﷺ નો હાથ પકડયો અને મારા મોઢા પર ફેરવ્યો તો તે બરફથી પણ વધારે ઠંડો અને મુશ્કથી પણ વધારે ખુશ્બુદાર હતો.

હઝરત અનસ ﷺ ફરમાવે છે કે મેં (પોતાની જીંદગીમાં) રસુલુલ્લાહ ﷺ ની હથેળીથી વધારે નરમ કોઇ રેશમના કપડાને પણ નથી જોયું (એટલેકે આપ સલ.ની હથેળી રેશમથી પણ વધારે નરમ હતી) અને ન કદી મેં પૈગંમ્બર ﷺ ની ખુશ્બુથી સારી ખુશ્બુ સુંઘી.

હઝરત જાબિર બિન સમુરા ﷺ ફરમાવે છે કે મેં ફજરની નમાઝ હુઝુર ﷺ ના સાથે પઢી પછી હુઝૂર સલ.પોતાના ઘરની તરફ જવા લાગ્યા. હું પણ આપ ﷺ ના સાથે સાથે ચાલ્યો, અમુક બાળકોએ આપ ﷺ નું સ્વાગત કર્યું. આપ ﷺ એ એમાંથી દરેકના બન્નેવ રૂખસાર (ગાલ) પર હાથ ફેરવ્યા અને જયારે આપ ﷺ એ મારા બન્નેંવ રૂખસાર પર હાથ ફેરવ્યો તો મેં આપ ﷺ ની હથેળીની ઠંડક અને ખુશ્બુને અનુભવ્યા જેમકે આપ ﷺ એ પોતાનો હાથ હમણાજ ફીરદોસ અત્તર બોટલથી કાઢયો હોય.

કાઝી અયાઝ રહ. શિફા (કિતાબ) માં લખે છે કે જયારે કોઇ હુઝુર ﷺ થી મુસાફહ કરતા તો પુરો દિવસ ખુશ્બુ અનુભવતા ભલે આપ ﷺ એ ખુશ્બુ લગાવી હોય અથવા ન લગાવી હોય. એવીજ રીતે જયારે કોઇ બાળકના માથા પર હાથ ફેરવતા તો તે બીજા બાળકોમા ખુશ્બુના કારણે ઓળખાઇ જતો.

(શમાઇલે રસુલ સલ. અઝઃ મુફતી સલમાન મનસૂરપુરી દા.બ.)

Attributes of the Beloved Prophet ﷺ (2)

Hazrat Abu Juhaifah ؓ states that the people stood up and began to move the hands of the Prophet ﷺ over their faces– states that I also took Huzur ﷺ's hand and moved it to my face, it was colder than ice and sweeter than musk. Hazrat Anas ؓ says that I have not (in my life) seen any silk cloth softer than the palm of Rasulullah ﷺ (meaning the palm of the Prophet ﷺ was softer than silk) and I have never smelled a better smell than the Prophet ﷺ's smell. Hazrat Jabir bin Samurah ؓ says that after I performed the Fajr prayer with Huzoor ﷺ , Huzoor ﷺ started going towards his house. I also walked along with him ﷺ, some children greeted him ﷺ. The Prophet ﷺ turned his hand the both cheeks of each of them and when he turned his hand to my cheeks, I felt the coolness and fragrance of his palm as if he had just taken his hand out of the Firdos Attar bottle. Qazi Ayaz (R.A) writes in Shifa (Book) that when one makes Musafah with Huzur ﷺ one feels scent for the whole day whether Nabi ﷺ has applied perfume or not. In the same way, when a child was touched on the head, he would be recognized by other children because of the scent.

(Shamaile Rasul (S.A.W) By: Mufti Salman Mansoorpuri D.B.)

પ્યારા નબી સલ.ની વિશેષતા (3)

મોહરે નબુવ્વત : હઝરત જાબિર બિન સમુરા ﵁ ફરમાવે છે કે મેં પેગમ્બર ﷺ ની પીઠપર એક મોહર (નિશાની) જોઈ જે કબુતરીના ઈંડાની જેમ હતી.

હઝરત જુનૈદ (રહ.) ફરમાવે છે કે મેં હઝરત સાઈબ બિન યઝીદ ﵁ થી સાંભળ્યું, એમણે ફરમાવ્યું કે મારી ખાલા મને આપ ﷺ ની ખિદમતમાં લઇ ગયા અને અર્ઝ કર્યું કે એ અલ્લાહના રસુલ ﷺ ! આ મારો ભાણજો બીમાર છે, આ સાંભળીને પેગમ્બર ﷺ એ મારા માથા પર હાથ ફેરવ્યો અને બરકતની દુઆ કરી, અને આપ ﷺ એ વુઝુ ફરમાવ્યું તો મે વુઝુ થી બચેલું પાણી પી લીધું, એના પછી હું આપ ﷺ ના પાછળ ઉભો થઇ ગયો, તો મેં આપ ﷺ ના ખભાઓના વચમાં મોહર (નિશાની) જોઈ જે ઉપસેલા ગોળ બટન જેવી હતી. જન્નતના

રિઝવાન (દરબાન) એ આપ ﷺ ના બન્નેવ ખભાના વચમાં નબુવ્વતની મોહર (નિશાની) લગાવેલી હતી અને આપ ﷺ ની નબુવ્વતની મોહર પર લખેલું હતું સિર ફ અન્ત મન્સૂર અને અમુકે કહ્યું,'મુહમ્મદુર્રસુલ્લુલાહ' લખેલું હતું.(ખસાઈલે નબવી (સલ.)૧૬, ઝખીરએ મઅલુમાત પેજ-૮ ભાગ-૧)

હઝરત અસ્મા ﵁ ફરમાવે છે કે આપ ﷺ ની વફાત પછી નબુવ્વતની મોહર ખતમ થઇ ગઈ હતી એનાથી મને યકીન થઇ ગયું કે આપ ﷺની વફાત થઇ ગઈ. (ખસાઈલે નબવી. સફા:૧૬)

(શમાઇલે રસુલ સલ. અઝઃ મુફ્તી સલમાન મનસૂરપુરી દા.બ.)

Attributes of the Beloved Prophet ﷺ(3)

The Seal of Apostleship (Prophethood)

Mohar E nabuwwat : Hazrat Jabir bin Samurah ﵁ said that I saw a seal (mark) on the Prophet ﷺ's back which was like a pigeon's egg.

Hazrat Junaid (Rah.) narrates that I heard from Hazrat Sa'ib bin Yazid ﵁, who said that my aunt took me to the service of Prophet ﷺ and said, "O Messenger of Allah ﷺ ! This is my cousin who is sick, on hearing this the Prophet ﷺ put his hand on my head and prayed for blessings, and Prophet ﷺ performed Wuzu and I drank the water left over from Wuzu, After that I stood behind him ﷺ, So I saw the Seal (mark) between Prophet ﷺ's shoulders, Which was like a raised round button.

The Rizwan (gatekeeper) of Paradise had placed the **Seal of Prophethood** (sign) between Prophet ﷺ's two shoulders and Prophet ﷺ's seal of Prophethood was inscribed, **'Sir Fa ant Mansoor'** and some said, **'Muhammadur Rasulullah'. (Khasail-E-Nabwi ﷺ-16, Zakhira-E-Malumat Page-8 Part-1)**

Hazrat Asma ﵁ said that after the death of the Prophet ﷺ, the seal of Prophethood was over. That made me sure that Prophet ﷺ has passed away. **(Khasail-E- Nabvi. Page-16)**

(Shamaile Rasool Sal.By:Mufti Salman Mansoorpuri D.B.)

પ્યારા નબી સલ.ની વિશેષતા (૪)

દાઢી : હઝ.મુહંમદ બિન અલી રહ.પોતાના વાલિદથી નકલ કરે છે કે નબીએ કરીમ ﷺ ની દાઢી મુબારક ગીચ હતી.

ઘણા ઈમામો રહ.ના નઝદીક દાઢી રાખવું વાજિબ છે અને આ બધા નબીઓ અને રસુલોની સુન્નત છે રસુલુલ્લાહ ﷺ એ પોતાની ઉમ્મતને એનો હુકમ આપ્યો છે આપ ﷺ એ ફરમાવ્યું: મુંછોને કપાવો અને દાઢીને વધારો.(બુખારી શ. ૫૮૯૩)

દાઢીને મુડાવવું અથવા એક મુઠ્ઠીથી ઓછુ કપાવવું કોઇના નજદીક જાઇઝ નથી.

હઝ.મુહમ્મદ બિન અલી રહ. પોતાના વાલિદથી નકલ ફરમાવે છે કે નબીએ કરીમ ﷺ ની દાઢી મુબારક ભરાવદાર હતી.

(શમાઇલે રસુલ સલ. અઝઃ મુફતી સલમાન મનસૂરપુરી દા.બ.)

Attributes of the Beloved Prophet ﷺ (4)

Beard : Hazrat Muhammad bin Ali (RA) narrates from his father that Nabi Karim (SAW) had a thick beard.

It is wajib to keep a beard close to many Imams (RA) and this is the Sunnah of all the Prophets and Messengers. Rasulullah ordered his Ummah to do so. Nawi (PBUH) said: Trim the mustache and grow the beard. **(Bukhari 5893)**

Shaving off the beard or cutting less than a handful is not acceptable to anyone.

Hazrat Muhammad Bin Ali (R.A.) narrates from his Walid that the beard of Nabi Karim (S.A.W.) was blessedly full. **(Shamaile Rasool ﷺ By : Mufti Salman Mansoorpuri D.B.)**

(૫૭૨) બેહતરીન સામાન નેક ઓરત

હઝ.અબ્દુલ્લાહ બિન ઉમર ﷺ થી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું: દુનિયા માલ સામાન (મતાઅ) નું નામ છે અને દુનિયાનો સૌથી સારો માલ સામાન નેક ઓરત (પત્ની) છે. (સહીહ મુસ્લિમ)

આ હદીસમાં નેક ઓરતને દુનિયાની સૌથી સારી વસ્તુ કહેવામાં આવી છે.એનાથી સ્પષ્ટ થયું કે ઓરતનો અસલ કમાલ એનું સુંદર હોવુ નથી પરંતુ તેનો ખરેખર કમાલ નેક હોવું છે અને નેક ઓરતના ઘણા બધા સારા ગુણો છે પરંતુ એક હદીસમાં હુઝુર ﷺ એ ઓરતોના બે સારા ગુણોનો ઉલ્લેખ ફરમાવ્યો છે. આપ ﷺ એ ઇરશાદ ફરમાવ્યો કે કુરૈશની ઓરતો કેટલી બધી સારી છે કે તેઓ પોતાના બાળકો સાથે મુહબ્બત કરે છે અને પોતાના ધણીઓના માલ સામાનની સંભાળ રાખે છે (મુસ્લિમ શ.)

એક અન્ય હદીસમાં હુઝુરે પાક ﷺ એ ફરમાવ્યું કે ચાર વસ્તુઓ જેમને મળી ગઇ તેમને દુનિયા અને આખિરતની ભલાઇ મળી ગઇ. **(૧)** શુક્ર કરવાવાળું દિલ. **(૨)** અલ્લાહનો ઝિક્ર કરવા વાળી ઝુબાન. **(૩)** મુસીબતો પર સબ્ર કરનારું શરીર. **(૪)** એવી પત્ની જે પોતાની સાથે અને પોતાના ધણી ના માલ સાથે ખિયાનત ન કરે. (શેઅબુલ ઇમાન)

(અઝ : માસિક 'અલ બલાગ' ઉર્દૂ, કરાંચી)

(572) The best Goods (wealth) is a Righteous woman

Hazrat Abdullah bin Umar ﷺ narrated that Rasulullah ﷺ said: The world is the name of wealth (mataa'a) and the best wealth in the world is a righteous wife. **(Sahih Muslim)**

In this hadith, a righteous woman is said to be the best thing in the world. It makes it clear that the real excellence of a woman is not her beauty but her true excellence is being righteous. And a righteous woman has many good qualities but in a hadith Huzur ﷺ mentioned two good qualities of women. The Prophet ﷺ said how good the women of Quraish are in loving their children and taking care of their husbands' goods **(Muslim).**

In another hadith Huzur ﷺ said that those who get four things, they get the good of this world and the hereafter. (1) A thankful heart. (2) A toung that do the Zikr of Allah (3) A body that endures hardships. (4) A wife who does not betray her husband's property.**(Shaebul Iman)**

(By: Monthly 'Al Balag' Urdu, Karachi)

(૫૭૩) પ્યારા નબી સલ.ની વિશેષતા (૫)

લિબાસ મુબારક : હઝરત સમુરહ બિન જુન્દુબ ﷺ ફરમાવે છે કે રસુલુલ્લાહ ﷺ એ ઇરશાદ ફરમાવ્યો કે 'સફેદ કપડાં પહેર્યા કરો, કેમકે તે વધારે સુંદર હોય છે અને સફેદ કપડામાં પોતાના મુર્દાઓને કફન આપ્યા કરો' (તિર્મિઝી શ.)

હઝ.ઉમ્મે સલમા ﷺ ફરમાવે છે કે રસુલલ્લાહ ﷺ નો સૌથી પસંદ લિબાસ કુર્તો હતો.

હઝ.અબુ સઇદ ﷺ કહે છે એમણે ફરમાવ્યું કે મેં રસુલુલ્લાહ ﷺ ને ફરમાવતા સાંભળ્યુ છે કે : મોમીનની લુંગી (ઇઝાર) અર્ધી પિંડલી સુધી હોવી જોઇએ. હાં - પિંડલીથી ઘૂંટીના વચમા રાખવામાં કોઇ ગુનો નથી,જે ભાગ ટખ્નો (ઘૂંટી) ના નીચે હશે તે જહન્નમમાં જશે. પછી આપ ﷺ એ ત્રણ વખત ફરમાવ્યું: જે માણસ જાણીબુજીને તકબ્બુરથી પોતાની લુંગીને તખ્નો (ઘૂંટી) ના નીચે લટકાવશે અલ્લાહ તઆલા એની તરફ રહમતની નઝરથી ન જોશે.

હઝ.અશ્અષ બિન સુલેમ ﷺ ફરમાવે છે કે મારા ફોઇથી સાંભળ્યું જે પોતાના કાકા ﷺ થી આ હદીસ બયાન કરી રહયા છે. એમના કાકા ફરમાવે છે કે એક વખત હું મદીનામા જઇ રહયો હતો, અચાનક એમ લાગ્યું કે એક માણસ મારી પાછળ કંઇ કહી રહયો છે કે લુંગીને ઉપર કરો, એમા એહતેયાત અને તકવો (પરહેજગારી) પણ છે અને કપડાંની પણ હિફાઝત છે - મેં પાછળ ફરીને જોયું તો જનાબે રસુલુલ્લાહ ﷺ હતા. મેં કહ્યું: યા રસુલુલ્લાહ! આ તો ઘણી જુની ચાદર છે. આપ ﷺ એ ફરમાવ્યું શું મારી જીદંગી તમારા માટે શ્રેષ્ઠ નમૂનો અને ઉત્કૃષ્ટ ઉદાહરણ નથી. મેં હુઝુર ﷺ ની લુંગીને જોઇ તો તે અર્ધી પિંડલી સુધી હતી. **(શમાઇલે રસુલ સલ.)**

(573) Attributes of the Beloved Prophet ﷺ (5)

Clothes: Hazrat Samurah bin Jundub ﷺ narrated that Rasulullah ﷺ said 'Wear white clothes because they are more beautiful and shroud your dead in white clothes' (Tirmidhi).

Hazrat Umme Salma ﷺ says that Rasulullah ﷺ's favorite garment was the kurta.

Hazrat Abu Saeed says: She said: I heard Rasulullah ﷺ's saying: The lungi (Pants) of a believer should be up to half of the shin of the leg. Yes – there is no sin between the shin to ankle, the part below the ankle will go to hell. Then the Prophet ﷺ said thrice: A person who willfully hangs his Pants below his ankle out of arrogance, Allah Ta'ala will not look at him with mercy.

Hazrat Ash'ash bin Sulaim ﷺ said that I heard from my aunt (father's sister) who is narrating this hadith from his uncle ﷺ. Her uncle says that once I was going to Madinah, suddenly I felt that a man was saying something behind me that raise the lungi (Pant), it is also precaution and Taqwa and also protection of clothes. I looked back and saw Rasulullah ﷺ. I said: Ya Rasulullah ﷺ! This is a very old sheet. Nabi ﷺ said, Is my life not the best model and excellent example for you? I saw Huzur ﷺ's lungi, it was up to half a shin. **(Shamaile Rasool ﷺ)**

(૫૭૪) સુન્નતની તાબેદારીના ફાયદા

શૈખ અ.હક મુહદદીસ દહેલવી (રહ.) એ લખ્યું છે કે જયારે ઘરમાં દાખલ થાઓ ત્યારે સલામ કરીને જાઓ - ભલે દસ વખત કેમ ન જાઓ, સુન્નત પર અમલ કરવાના કારણે આખિરતના ફાયદા તો આ હશે કે એનો સવાબ મળશે અને તાત્કાલીક બે ફાયદા થશે. એક આ કે આપસમાં બીવી-બચ્ચાઓથી મુહબ્બત વધશે, બીજું એ કે ઘરમાં બરકત થશે, બરકતનો મતલબ એ નથી કે પાંચના દસ થઇ જાય. બરકતનો મતલબ આ છે કે થોડા પૈસામાં અલ્લાહ તઆલા વધુ કામ બનાવી દેશે.

(કલામાતે સીદકો અદલ)

સુન્નતનો મધ્યમ માર્ગ : હઝરત અકદસ મોલાના અશ્રફ અલી થાનવી રહ. ફરમાવતા હતા કે સુન્નતનો મધ્યમ માર્ગ એ છે કે પોતાના કામથી કામ રાખો, ન વધારે બોલો ન વધારે ચુપ રહો. અને ફરમાવ્યું કે મારું દિલ ચાહે છે કે મારા કોઇ અમલથી અને મારી ઝબાનથી કોઇને તકલીફ ન પહોંચે અથવા મારી કોઇ ચમત્કારીક બનાવનો કોઇ મોઅતકીદ (વિશ્વાસુ) થઇ જાય. કોઇ ન કરવા જેવુ કાર્ય થઇ જાય અને આ ભુલનો કોઇ સાક્ષી બની જાય તો તેનો કોઇ વાંધો નથી.

(ઇર્શાદાતે હઝરત અકદસ મૌલાના થાનવી રહ.પેજ-૧૫૧)

(૫૭૫) બે ખૂબ સારા ગુણો

હઝરત હકીમુલ ઉમ્મત થાનવી રહ.એ ફરમાવ્યું કે બે ગુણો ઘણી મોટી નેઅમત છે (૧) સખાવત (૨) બુરી નઝરથી હિફાઝત. ફરમાવ્યું કે લંપટ નઝર એવી ખરાબ વસ્તુ છે કે ઇમાનને બરબાદ કરી દે છે. **(કલિમાત સિદકો અદલ-૯૦)**

બે મોટા અમલ : ફરમાવ્યું કે જે માણસ બે વસ્તુઓની પાબંદી કરશે તે ઘણો મોટો માણસ હશે. એક તો આ કે કોઇની ગીબત ન કરે બીજું આ કે પોતાની નઝરને ગેર મહરમ (પરાઇ ઔરત) પર પડવાથી બચાવે.

(ઇર્શાદાતે હઝરત અકદસ મૌલાના થાનવી રહ.પેજ-૧૩૨)

(574) Benefits of obedience to the Sunnah

Shaikh Abdul Haq Muhaddis Dahelvi (Rah.) has written that when you enter a house, enter with Salaam- Even go ten times. Due to the implementation of the Sunnah, the benefits of the hereafter will be that it will be rewarded and immediately there will be two benefits, one is that the love among your wives and children will increase, the other is that there will be blessings in the house. Second, there will be blessings (Barkat) in the house. Barakat does not mean that five becomes ten, Barakat means that Allah Ta'ala will make more work from a little money. (Kalimat E Sidko Adal)

The Middle Way of Sunnah

Hazrat Aqdas Molana Ashraf Ali Thanvi (rah.) used to say that the middle way of Sunnah is to mind one's business, neither to speak too much nor to be too silent, and said that my heart desires that no one should suffer from any of my actions or my speech nor that anyone should become a believer (Mo'a-taqid) in any miraculous event of mine, rather, I should do something error that should not be done and if someone becomes a witness to this error, then there is no objection to it. **(Irshadat E Hazrat Aqdas Thanavi (Rah.) Page-151)**

(575) Two very good qualities

Hazrat Hakimul Ummat Thanvi (Rah.)said that two virtues are a great blessing (1) Generosity (2) Protection from the Evil Eye. He said that a lustful look is an evil thing that destroys faith (Imaan). **(Kalimate Sidko Adal – 90)**

Two big actions

He said that a man who observes two things will be a very big (good) man, one is that he does not gossip about anyone, the other is that he should avoid his eyes from falling on an other woman (Gair Mehram). **(Irshadate Hazrat Thanvi Rah. – 132)**

(૫૭૬) ગુસ્સાની હાલતમાં ફેસલો ન કરવો

હઝ. અ.રહમાન બિન અબી બકરહથી રિવાયત છે કે મારા વાલિદ સા.એ ઉબેદુલ્લાહ બિન અબી બકરહ (જે કાઝી - જજ હતા) ને લખ્યુ કે બે માણસોના વચમા ગુસ્સાની હાલતમાં કદી ફેંસલો ન કરવો, કેમકે મેં રસુલુલ્લાહ ﷺ થી સાંભળ્યુ છે કે કોઇ હાકિમ ગુસ્સાની હાલતમાં બે પક્ષો વચ્ચે ફેસલો ન કરે. **(જામેઅ તિરમિઝી)**

ખુલાસો : કોઇ પણ કેસ હોય, પોતાના વિષે અથવા બીજા કોઇના વિશે ફેસલો કરવામાં કદી પણ ઉતાવળ ન કરવી જોઇએ - જો ફેસલો કરવાવાળો ગુસ્સાની હાલતમાં હોય તો એ ફેસલાને મોકૂફ કરી દેવો જોઇએ અને એમાં વિચારવું જોઇએ, જો ફેસલાના બધા પાસા સમજમાં ન આવતા હોય તો પછી કોઇ જાણકાર (સમજદાર વ્યકિત)થી મશ્વેરો કરવો જોઇએ. કોઇ કાઝી અને જજને પણ કોઇ કેસ નો ફેસલો કરવાથી પહેલા ગવાહોના અનુમોદન (તસ્દીક) માટે કોઇ જાણકારથી મશ્વેરો કરવો જોઇએ જે તે ક્ષેત્રનો અનુભવી જાણકાર હોય, એનાથી મશ્વરો કર્યા પછી અંતિમ ફેસલો કરવામાં આવે. **(બુખારી શ.)**

હઝ.ઉમર ؓઆ બાબતનો ઘણો એહતેમામથી અમલ કરતા હતા. એક વખત એક હતિય્યહ નામી શાઇર એ ઝબરકાન બિન બદરની શાઇરીમાં બેઇઝઝતી કરી તો એમાં હઝ. ઉમર ؓના પાસે કેસ આવ્યો.હઝ. ઉમર ؓએ આ મઆમલામા ઇસ્લામના પ્રખ્યાત શાયર હઝ.હસ્સાન બિન સાબિત ؓથી મશ્વેરો કર્યો, એના પછીજ હતિય્યહ શાયરને સજા આપી.**(અસદુલગાબા)** **(અલબલાગ-ઉર્દૂ,કરાંચી સપ્ટે.૨૦૨૩)**

(576) Do not take decisions in a state of anger

It is narrated from Hazrat Abdul Rahman bin Abi Bakrah that my father wrote to Ubaidullah bin Abi Bakrah (who was a qazijudge) that never do a judgement between two men in a state of anger, because I heard from Rasulullah ﷺ that a ruler in a state of anger should not be do a judgement between two parties.**(Jame'a Tirmizi)**

Explanation: In any case, one should never be too hasty in making decisions about oneself or anyone else- If the decisionmaker is in a state of anger, then the decision should be postponed and thought over it, if all aspects of the decision are not understood, then a knowledgeable (related) person should be consulted. A Qazi and also a judge before deciding a case should consult an expert who is an experienced in that field for the approval of witnesses (Tasdeek) and after consulting him the final decision should be made. **(Bukhari Sh.)**

Hazrat Umar ؓ used to implement this matter very zealously. Once a Hatiyyah named poet made a mockery of Zabarqan bin Badar in a poem and a case was brought to Hazrat Umar ؓ's court. Hazrat Umar ؓ consulted the famous poet of Islam, Hazrat Hassan bin Sabit ؓ about this matter, and then punished Hatiyyah. **(Asadulgaaba)**

(૫૭૭) આત્મહત્યા માટે ચેતવણી

હઝરત અબુ હુરૈરહ ﷺથી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺએ ફરમાવ્યું: જેણે પોતાને કોઈ લોખંડના ઓજાર થી કતલ કર્યો, તે કયામત ના દિવસે એવી રીતે આવશે કે લોખંડ એના હાથમાં હશે અને તે પોતે પોતાના પેટ પર મારતો રેહશે અને જહન્નમ માં હમેશા રેહશે, અને જે માણસ ઝેર પીને ખુદખુશી (આત્મહત્યા) કરશે એનું ઝેર એના હાથમાં હશે અને તે હમેશા જહન્નમમાં એને પીતો રહેશે. (જામેઅ તિરમિઝી શ.)

હઝરત જુન્દુબ (રદી.) નબીએ કરીમ ﷺ થી રિવાયત કરે છે કે એક માણસ ઝખ્મી હતો. એણે પોતાની ઝાતને મારી નાખી, તો અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે : મારા બંદાએ પોતાની જાન (જીવ) પોતે આપી એટલા માટે મે જન્નતને એમના પર હરામ કરી દીધી. (સહીહ બુખારી)

હઝરત અબુ હુરૈરહ (રદી.) થી રિવાયત છે કે નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યું : જે પોતાને ગળુ દબાવીને મારે છે તે જહન્નમમાં પોતાને ગળુ દબાવીને મારતો રેહશે અને જે માણસ નેઝો (તલવાર) મારીને મરે છે તે જહન્નમમાં પોતાને નેઝો મારતો રેહશે. (સહીહબુખારી)

હઝરત અબુ હુરૈરહ (રદી.) થી રિવાયત છે કે નબીએ કરીમﷺ એ ફરમાવ્યું : જેણે પોતાને પહાડ પર થી પાડીને જીવ ગુમાવ્યો તે પહાડ પરથી એમજ પડતો રેહશે અને હમેશા માટે દોઝખના અઝાબમાં રેહશે. (સહીહ મુસ્લિમ)

(અઝ: અલબલાગ-ઉર્દૂ,કરાંચી સપ્ટે.૨૦૨૩)

(577) Warning for Suicide

It was narrated from Hazrat Abu Hurairah ؓ that Rasulullah ﷺ said: Whoever slaughtered himself with an iron tool, he will come on the Day of Resurrection with the iron in his hand and he will be beating himself on his stomach and will remain in Hell forever, and A person who commits suicide by drinking poison will have the poison in his hands and will always drink it in hell. **(Jame'a Tirmizi Sh.)**

Hazrat Jundub ؓ narrated from Nabi Karim ﷺ that a man was wounded. He killed his ownself, then Allah Ta'ala said: My servant sacrificed his own life (suicided), so I made Jannah haraam for him. **(Sahih Bukhari)**

It is narrated from Hazrat Abu Hurairah ؓ that the Prophet ﷺ said: The one who strangles himself will continue to strangle himself in Hell and the man who kills himself with a sword will continue to kill himself in Hell. **(Sahih Bukhari)**

It is narrated from Hazrat Abu Hurairah ؓ that the Prophet ﷺ said: He who loses his life by falling from a mountain will continue to fall from the same mountain ownself, and will remain in the torment of Hell forever.**(Sahih Muslim)**

(From: Albalagh-Urdu, Karachi Sep.2023)

(૫૭૮) આપ ﷺના અખ્લાક બધા માણસોથી સારા હતા

હઝ.અનસ ﷺ ફરમાવે છે કે મેં દસ વર્ષ હુઝુર ﷺ ની ખિદમત કરી મને હુઝુર સલ.એ કોઇ વાત પર કે કોઇ કામ ન કરવા પર કે આ કામ કેમ ન કર્યું - ઉફ તક ન કર્યું. હુઝુર સલ.અખ્લાકમાં બધા ઇન્સાનોથી સારા હતા,મેં કદી કોઇ ખાસ રેશ્મી કપડું અથવા નરમ વસ્તુ નથી જોઇ જે હુઝુર ﷺ ની બા બરકત હથેલી થી વધારે નરમ હોય, અને મેં કદી કોઇ મુશ્ક અથવા અત્તર હુઝુર ﷺ ના પસીનાની ખુશ્બુથી વધારે ખુશ્બુ વાળું નથી સુંઘયું**(શમાઇલે તિરમીઝી)**

બુરાઇનો બદલો બુરાઇથી ન આપતા

હઝ. આઇશા ﷺ ફરમાવે છે કે હુઝુર ﷺ ન તો જાતે બેકાર વાત કરતા, અને ન બજારોમાં જોરથી વાતો કરતા હતા. બુરાઇનો બદલો બુરાઇથી ન આપતા હતા બલ્કે માફ કરી દેતા અને એના વિષે વાત પણ ન કરતા હતા.

(શમાઇલે તિરમિઝી)

(૫૭૯) દરેક ઝિમ્મેદારથી એની ઝિમ્મેદારી વિશે સવાલ થશે

હઝ. અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર ﷺ થી રિવાતય છે કે નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યું: ખબરદાર રહો! તમારામાંથી દરેક જીમ્મેદર છે અને તમને તમારી રઇય્યતના વિશે સવાલ કરવામા (પુછવામા) આવશે-તે હાકીમ જે લોકોનો જીમ્મેદર છે એમનાથી એમની રઇય્યત (પ્રજા) વિશે સવાલ કરવામાં આવશે અને જે માણસ પોતાના ઘરવાળાઓનો જીમ્મેદાર છે એમના વિશે સવાલ કરવામાં આવશે, અને ઓરત પોતાના શોહરના ઘર અને અવલાદની ઝિમ્મેદાર છે એનાથી એના વિશે પુછવામાં આવશે. ખબરદાર રહો! તમારામાંથી દરેક જીમ્મેદાર છે અને દરેકથી એમની પ્રજાના (હાથ નીચેના ઓ) વિશે પુછવામાં આવશે.

(સહીહ મુસ્લિમ) **(અઝ: અલબલાગ-ઉર્દૂ,કરાંચી સપ્ટે.૨૦૨૩)**

(578) The nature of the Prophet ﷺ was better than all humans

Hazrat Anas ؓ said that I served Huzur ﷺ for ten years. Huzur ﷺ did not get disappointed for any work which was didn't done by me. Huzur ﷺ was the best of all human beings in morals, I never saw any special silk cloth or soft thing that was softer than Huzur ﷺ's blessed palm, and I never smelled any musk or perfume more fragrant than Huzur ﷺ's sweat. **(Shamaile Tirmizi)**

Do not return evil for evil

Hazrat Aisha ؓ states that Huzur ﷺ neither used to talk idle himself, nor used to talk loudly in the Market. He ﷺ did not return evil for evil, rather they forgave and did not even talk about it. **(Shamaila Tirmidhi)**

(579) Every responsible person will be questioned about his responsibility

It is narrated from Hazrat Abdullah Ibn Umar ؓ that the Prophet ﷺ said: Be aware! Each of you is a guardian (responsible) and you will be questioned about your people (hands below) – the ruler who is responsible for the people will be questioned about his people and the man who is responsible for his household will be questioned about them, and the woman who is responsible for her husband's house and children will be questioned about them. Stay aware! Each of you is responsible and each will be asked about his people (hands below).

(૫૮૦) ફેશનેબલ (અંગ્રેજી) વાળ રાખવા બાબતે :

એવા વાળ રાખવા જેમાં કાફિરો અને ફાસિકો (અધર્મી) સાથે સરખામણી થાય એ જાઇઝ નથી, નબીએ કરીમ ﷺ એ એને નાપસંદ ફરમાવ્યું છે. પોતાના પોશાક અને દેખાવમાં નેક લોકોનો તરીકો અપનાવવો જાઇએ.

વગર કારણે ઉઘાડા માથે નમાઝ પઢવું મકરૂહ છે અને એની આદત બનાવી લેવું ખુબ ખરાબ (નિંદનીય) છે. નબીએ કરીમ ﷺ એ હમેશા માથું ઢાંકીને નમાઝ પઢી છે.

સૌ પ્રથમ અંગ્રેજી વાળ ન રાખવામાં આવે જેમાં કાફિરો અને ફાસિકો (મવાલીઓ) સાથે સરખામણી થાય છે, પરંતુ જો કોઇના આવા વાળ હોય અને નમાઝનો સમય થઇ જાય તો નમાઝમાં ટોપી પહેરવાથી વાળ સિજદાના સમયે આગળ નહી આવશે. જો કોઇના વાળ એવા હોય કે ટોપી પહેરવા છતાં સિજદો કરતી વખતે આગળ આવી જાય છે તો બાલો પર સિજદો કરવાથી પણ સિજદો અદા થઇ જશે,અને નમાઝમાં કોઇ વાંધો આવશે નહી. અને જો '**અમલે કસીર**' (એવું કામ કરવું કે દૂરથી જોનારને યકીન થાય કે વ્યકિત નમાઝ નથી પઢી રહયો - નમાઝમાં નથી) થી બચીને પેશાની ઉપરથી વાળ હટાવી લેવામાં આવે તો પણ જાઇઝ છે. **(અઝ: અલબલાગ-ઉર્દૂ ,કરાંચી સપ્ટે.૨૦૨૩)**

(580) Regarding having fashionable (English) hairstyle:

It is not permissible to have a hairstyle in which one is similar to infidels, the Prophet (PBUH) disapproved of it. One should adopt the manner of noble people in their dress and appearance.

It is makruh to pray with bare headed without reason and it is very bad to make a habit of it. Nabi Karim (SAW) always prayed with his head covered.

First of all English hairstyle should not be kept which compares with Kafirs and Mawalis, but if one has such hair and it is time for Namaz then wearing a hat (Topi) in Namaz will not bring the hair forward during Sajdah. If one's hair is such (stylish) that it comes forward while performing sajdah despite wearing a cap, then sajdah will be performed (complete) even if one makes sajdah on it, and there will be no problem in the prayer. And if the hair is removed from the forehead to avoid 'Amale Qasir' (doing such a thing as to make a distant observer believe that one is not praying – not in prayer) then it is also permissible.

(From: Albalagh-Urdu, Karachi Sep.2023)

(૫૮૧) નુબુવ્વતના હેતુની પરિપૂર્ણતા... કુર્આની મકાતિબની સ્થાપના...

નબીએ કરીમ ﷺના આગમનનો પહેલો હેતુ કુર્આનેપાકની તિલાવત છે એટલે કે આપﷺ મુરાદે ખુદાવંદીને પોતાની ઝુબાનથી અદા ફરમાવતા હતા.

જયારે આ વાત માલુમ થઇ ગઇ કે કુર્આનેકરીમની તિલાવત કરવું નબુવ્વતના હેતુ પેકી એક છે તો નબુવ્વતના હેતુઓની જાળવણી કરવુ એ મૂળ હેતુમા સમાવિષ્ઠ છે, અને આ હેતુઓ પુરા કરવા માટે કુર્આનના મકતબોની સ્થાપના કરવું સાબિત થાય છે. જયાં કુર્આનના શબ્દોને સહીહ તરીકાથી અદા કરવાનું શિખવવામાં આવે છે નાઝેરહ, તજવીદ, હિફ્ઝ અને કિરાઅતની તાલીમ આપવામાં આવે છે.

એટલા માટે આવા મકતબ અને ઇદારાઓમાં પોતે કુર્આનપાક શીખવું, પોતાની અવલાદને કુર્આનપાક શીખવા માટે મોકલવું તેમજ આવા મકતબો મદ્રસાઓ અને ઇદારાઓને દરેક પ્રકારે સહકાર આપવો સમાજ માટે ખુબજ જરૂરી છે જેથી નુબુવવતના હેતુની હિફાઝત થાય અને સારી રીતે આ હેતુ પરિપુર્ણ થાય. **(મરકઝે અહલે સુન્નત વલ જમાઅત - ખાનકાહે હનફિય્યહ, સરગોધા)**

(581) Fulfillment of the purpose of prophethood (Nubuwwat)... Establishment of Qur'anic Schools (Makatib)...

The first purpose of the arrival of Nabi Karim (S.W) is the recitation of the Holy Quran, that means, the Prophet ﷺ used to express the meaning of God with his tongue.

When it is known that the recitation of the Holy Qur'an is one of the purposes of Prophethood (Nubuwwat), then the preservation of the purposes of Prophethood (Nubuwwat) is included in the original purpose, and the establishment of Qur'anic schools (Makatib) is proved to fulfill these purposes. Where the words of the Qur'an are taught to be recited in a proper manner. Training is given in Nazerah, Tajweed, Hifz and Qiraat.

That is why it is very important for the society to learn the Quran itself in such schools and institutions, to send their children to learn the Quran and to cooperate with such schools and institutions in every way so that the purpose of Nubuwawat is protected and this purpose is fulfilled well. **(From : Markaze Ahle Sunnat Wal Jama'at – Khanakahe Hanfiyyah, Sargodha)**

(૫૮૨) જાહેર રસ્તો રોકી લોકોને પરેશાન કરવું ગુનાહિત કૃત્ય

જો તમે પોતાના ઘરે કોઇ તકરીબ (સમારંભ-ceremony) ગોઠવી છે, તેના માટે આંગણામાં ઘરની સામે મંડપ બનાવ્યો અને બધા આવનાર, જનાર, મહોલ્લાવાળાઓ તથા પડોશીઓનો રસ્તો બંધ કરી દીધો. હવે લોકો માટે વાહન પોતાના ઘર સુધી લાવવુ શકય ન રહયું. તમે પ્રસંગ માણી રહયા છો અને અન્ય લોકો તમારા કારણે તકલીફ ભોગવી રહયા છે, તમોએ આ બીજા લોકોને તકલીફ પહોંચાડી એ ગુનાહનું કાર્ય કર્યું, નાજાઇઝ કાર્ય કર્યું - પરંતુ આજે એને કોઇ ગુનો નથી સમજતું વધુમાં વધુ એટલુજ સમજે છે કે આ માત્ર મહાનગર પલિકાના કાયદા વિરૂધ્ધ થઇ રહયુ છે અને એ કંઇ ગુનો નથી.

નબીએ કરીમ ﷺ ની તાલીમ તો એ છે કે તમારૂં કામ એ હોવું જોઇએ કે રસ્તામાંથી તકલીફ આપનારી વસ્તુને હટાવી દો, ન કે તકલીફ આપનારી વસ્તુને રસ્તા પર નાંખો અને લોકોનો રસ્તો બંધ કરી દો, લોકોનો રસ્તો બંધ કરવો એ લોકોને તકલીફ પહોંચાડવુ છે અને આ ગુનાહે કબીરહ છે. પરંતુ આજે આપણે આ બાબતોને દીન થી અલગ સમજી લીધી છે હકીકતમાં એવુ ન સમજો કે માત્ર નમાઝ, રોઝહ અદા કરવું જ દીન છે, બલ્કે આપણી આખી જીંદગી અને જીંદગીનો પ્રત્યેક અમલ દીન (નો હિસ્સો) છે એટલા માટે પોતાને બીજાઓને તકલીફ આપનાર કામોથી બચાવો.

હઝ. મુ.શફી સા. રહ. ફરમાવ્યા કરતા હતા કે કોઇ મુસલમાનને તકલીફ પહોંચાડવુ ગુનાહે કબીરહ છે એનાથી એવીજ રીતે બચવું જોઇએ જેવી રીતે કે ચોરી, ધાડપાડવી. ઝિનાખોરી, દારૂ પીવું વગેરેથી બચવામાં આવે છે.(**ઇસ્લાહી ખુતબાત,** અઝઃ મુફતી તકી ઉષ્માની સા.દા.બ. ૨૧/૩૫,૩૬)

(582) Obstructing a public road and harassing people is a criminal act

If you have arranged a ceremony at your home, for that, make a mandap in front of the house in the courtyard and blocked the way of all the people for coming and going and also for residents and neighbours. Now it was not possible for people to bring vehicles to their homes. You are enjoying the occasion and others are suffering because of you, you have committed a sin by causing suffering to others, you commit an immoral act – but today no one considers that it's a sin. Most of people understand that this is only against the rules of the Municipal Corporation and it is not a sin.

The teaching of Nabi Karim ﷺ is that your job should be to remove the trouble from the road, not to put the trouble on the road and block people's way, to block people's way is to cause trouble to people, and it is a Gunaahe kabirah. But today we have understood these things separately from the Deen. In fact, don't think that only performing Namaz, Rozah is Deen, rather our whole life and every act of life is a part of Deen so save yourself from doing things that cause trouble to others.

Hazrat Mufti Shafi sahab (Rah.) used to say that causing trouble to a Muslim is a serious crime (Gunaahe kabirah). It should be avoided in the same way as theft, assault, adultery, drinking etc. are avoided.

(Islahi Khutbat, By: Mufti Taqi Ushmani S.D.B. Part-21/35,36)

(૫૮૩) ખોટી રીતે ગાડી પાર્ક કરવું એ ગુનાહનું કાર્ય છે..

આજ કાલ જે લોકો ગાડી મોપેડ વગેરે ચલાવે છે તેઓ રાત દિવસ બીજાઓને તકલીફ પહોંચાડવાનુ કાર્ય કરતા રહે છે જેમકે એવી રીતે ગાડી ઉભી કરી દીધી કે જેના કારણે બીજાના માટે નીકળવું મુશ્કેલ થઇ ગયું - આ ગુનાહનું કાર્ય છે, પરંતુ આને કોઇ ગુનો સમજતુ જ નથી હકીકતમાં આ બીજાને તકલીફ પહોંચાડવુ જ છે અને એ એવો ગુનો છે જેમકે ચોરી કરવુ કે ડાકુગીરી કરવી ગુનો છે. આજ કાલ આપણે આ બધી બાબતોને દીનથી અલગ સમજી લીધું છે, જાણેકે આ બાબતોને દીનથી કોઇ સબંધ નથી. કેટલાક લોકો મસ્જીદમાં નમાઝ પઢવા આવે છે અને એવી રીતે ગાડી મુકીને જાય છે કે બીજા લાકોને પોતાની ગાડી કાઢવી હોયતો નથી કાઢી શકતા, આ વ્યકિતએ નમાઝ પઢવાને તો નેક કામ સમજયું પરંતુ એ ન સમજયું કે ખોટી રીતે ગાડી પાર્ક કરવુ એ ગુનાહનું કામ છે. નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું છે કે પ્રત્યેક તે કાર્ય જે બીજાને તકલીફ પહોંચાડનાર હોય તે પણ ખરાબ કાર્યમાથી છે અને ગુનાહના કાર્યમાં સમાવિષ્ઠ છે,જેનાથી બચવુ જોઇએ.

અગર તમો બીજાઓને રાહત કે ફાયદો નથી પહોંચાડી શકતા તો કમસે કમ બીજાઓને તકલીફ તો ન જ પહોંચાડો - આજે આપણે આવી બાબતોને દીનથી બિલ્કુલ અલગ સમજી લીધું છે. પોતાની જાતથી કોઇને તકલીફ ન પહોંચે એ વાતની કોઇ પરવાજ નથી કરતુ. આપણે બધા આ હદીસ સાંભળીએ છીએ કે રસ્તામાંથી તકલીફ આપનારી વસ્તુઓને દૂર કરી આપવુ એ સવાબનુ કાર્ય છે પરંતુ તેના ઉપર આપણે અમલ કરતા નથી. (**ઇસ્લાહી ખુત્બાત,૨૧/33** અઝઃ મુફ્તી તકી ઊષ્માની સા.દા.બ.)

(583) Improper parking is a Criminal offence…

Nowadays people who drive cars, mopeds, etc. are doing the work of causing trouble to others day and night. Like parking a vehicle in such a way that it becomes difficult for others to get out – this is an act of sin, but this is not considered as a sin. In fact it is causing trouble to others and it is a sin like stealing or dacoity. Nowadays we have understood all these things as separate from Deen, as if these things have nothing to do with Deen. Some people come to pray in the mosque and leave the vehicle in such a way that other people cannot take out their vehicle, this person thought it was a good thing to pray but did not understand that parking the vehicle wrongly is a sin. The Prophet ﷺ has said that every act that causes harm or difficulty to others is also an evil act and includes an act of sin, which should be avoided. If you cannot bring relief or benefit to others, atleast do not cause suffering to others – today we have understood such things as completely separate from Deen. We do not care that we do not cause trouble to anyone. We all hear this hadith that removing things from path (road) that cause trouble to others is a righteous act but we do not act on it.

(Islahi Khutbaat, 21/33 By: Mufti Taqi Ushmani S.D.B)

(૫૮૪) ખાલી જગ્યા પર કબજો કરવો હરામ છે...

હવે તો આપણો આ હાલ છે કે જયાં જગ્યા ખાલી પડેલી નઝર આવે છે તરત કબજો કરી ઘેરાવ કરી લો - કોઇ એક માણસની વસ્તુ પર કબજો કરવું બુરૂં (ખરાબ) છે જ, પરંતુ જો ભાગીદારી વસ્તુ પર કબજો કરી લીધો તો આ એનાથી વધારે બુરૂ (ગંભીર) છે, એટલા માટે કે જો કોઇ એક માણસની વસ્તુ પર કબજો કરી લીધો તો જયારે પણ તૌબાની તૌફીક થશે તો એ માણસથી માફી માંગી લેશે તો માફ થઇ જશે, પરંતુ જો પુરી પ્રજાની ભાગીદારીની વસ્તુ પર કબજો કર્યો તો હવે કોના કોના પાસે માફી માંગતા ફરશો- અને કોની કોની પાસે પોતાનો હક માફ કરાવતા ફરશો - એટલા માટે આ એનાથી પણ વધારે કઠીન વાત છે - હુઝુર ﷺએ અમોને જે તાલીમ આપી છે એમાં આ બધી વાતો દાખલ છે.

સારી પેઠે જાણી લો કે આ બધી બાબતો દીને ઇસ્લામનો એક ભાગ છે, અગર કોઇના મગજમાં આવું હોય કે દીન માત્ર મસ્જિદમાં જ હોય છે, મુસલ્લા પર હોય છે, તો આ વાત મગજમાંથી બિલકુલ કાઢી નાંખવી જોઇએ. અલ્લાહતઆલાએ આપણને પ્રત્યેક સ્થળે “મુસલમાન” બનાવ્યા છે. આપણી દરેક વાણી અને કરણી અને પ્રત્યેક વાત અને કાર્ય અલ્લાહતઆલા અને અલ્લાહના રસુલ ﷺના હુકમના તાબે હોવાં જોઇએ. આપણને આ ગુનોહ હોવાની બાબતનું ધ્યાન (એહસાસ) જ નથી, જેથી અમુક કૃત્ય પર પશ્ચાતાપ કે શરમીદગી પણ થતી નથી,ઉપરાંત એના વિરૂધ્ધ કોઇ અવાજ પણ ઉઠાવતું નથી જેથી લોકો એમ સમજે છે કે આ બધુ જાઇઝ છે. વાસ્તવમાં આ કાર્ય નાજાઇઝ અને હરામ છે. **(ઇસ્લાહી ખુતબાત ભા.૨૩/૧૧૫,૧૧૬)**

(584) It is haram to Occupy a vacant place...

Nowadays we have this situation that where we see a vacant place and immediately occupy it and surround it – it is bad to occupy the property of one person, but if you occupy the property of the partnership, this is more serious. So that if someone takes possession of a person's property, whenever he is able to repent, if he asks for forgiveness from that person, then he will be forgiven. But, if you occupied the object of the participation of the entire people, now you will go around asking for forgiveness to whom? That is why this is even more difficult – all these things are included in the teachings that Prophet Muhammad ﷺ has given to us. Know well that all these things are a part of Deen and Islam, if someone has this in their mind that Deen is only in the mosque, on the Musalla, then this should be completely removed from the mind. Allah has made us "Muslims" everywhere. Our every word and deed should be subject to the order of Allah and the Messenger of Allah. We are not conscious of this guilt.

So there is no remorse or shame for some act, besides no one raises a voice against it so that people understand that all this is permissible. In fact this act is impermissible and haram.**(Islahi Khutabaat Part-23/115,116)**

(૫૮૫) ઘરોની સામેના ભાગ (આંગણા) સ્વચ્છ રાખો

આજ કાલ લોકોમાં આ એક ખરાબ આદત બની ગઇ છે કે રસ્તા ઉપર કચરો અને ગંદકીની (નાપાક) થેલીઓ ફેંકી દેવામાં આવે છે. આ બાબતનો કોઇ એહસાસ જ નથી કે આ ગુનાહનુ કાર્ય છે. લોકો એમ સમજે છે કે આ માત્ર નગર પાલિકા અને મહાનગર પાલિકાના કયદાનો ભંગ છે. એવું નથી પણ આ બધું હુઝુરે પાક ﷺના બતાવેલ સ્વચ્છતાના નિયમોનો ભંગ છે એટલા માટે કે નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યું કે રસ્તામાં કોઇ તકલીફ આપનારી વસ્તુ ન નાંખો. એક હદીસમાં નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યું કે 'ઘરની સામેનો જે ભાગ છે, દરેક ઘરવાળાની ફરજ છે કે તેને સ્વચ્છ રાખે.' **(તિરમીઝી શ.૨૭૯૯)**

આ છે મહાનગર પાલિકાનો નિયમ જેને નબીએ કરીમ સલ.એ ફરમાવ્યો છે. દરેક વ્યકિતની ફરજ છે કે તે પોતાના ઘરની સામેનો હિસ્સો ચોખ્ખો રાખે, એમા ગંદકી ન કરે કારણકે જયારે લોકો ત્યાંથી પસાર થશે તો લોકોને એનાથી તકલીફ થશે અને મુસલમાનને તકલીફ પહોંચાડવુ ગુનાહે કબીરહ છે. પરંતુ લોકો આજે આ બાબત સમજતા નથી કે આ પણ એક દીનનો હિસ્સો (ભાગ) છે.

જયારે તકલીફ આપનારી વસ્તુ રસ્તામાંથી હટાવવું ઇમાનના વિભાગો માંથી છે તો પછી તકલીફ આપનારી વસ્તુઓને રસ્તામાં નાખવું કેટલો મોટો ગુનો બનશે!

આજ કાલ લોકો દિવાલો પર જાહેરાત કે અન્ય લખાણ લખી જાય છે અથવા તો દિવાલો પર પોષ્ટરો ચોંટાડી જાય છે. કોઇની દિવાલ ઉપર તેની મરજી વગર આ રીતે ઉપયોગ કરવો પછી ભલે તે કોઇ દીની પ્રોગ્રામ માટે કેમ ન હોય, ઇજાઝત વગર આ પ્રમાણે ઉપયોગ કરવો એક પ્રકારની ચોરી છે. એ એવો જ ગુનો છે જેવી રીતે કે ચોરી કરવું અને ડાકુગીરી કરવું ગુનો છે.આજે આમ તોર પર લોકો આ પ્રમાણે કૃત્ય કરે છે અને દીનનું કામ કરનારાઓ પણ એમા શામિલ છે.**(અઝ: ઇસ્લાહી ખુતબાત,૨૧/૩૦,૩૧)**

(585) Keep the areas clean in front of the houses (courtyard)

Now a days it has become a bad habit among people to throw garbage and filth (unclean) bags on the road. There is no sense that this is an act of crime. People understand that this is only a violation of the Municipal and Municipal Corporation Act. It is not so, but all this is a violation of the rules of cleanliness shown by Prophet Muhammad ﷺ, so that Nabi Karim ﷺ ordered, do not throw anything causing trouble on the road. In a hadith, Nabi Karim ﷺ said that 'The part in front of the house, it is the duty of every householder to keep it clean."**(Tirmidhi Sh.2099)**

This is the rule of the Municipality corporation which the Prophet ﷺ has decreed. It is the duty of every person to keep the area in front of his house clean, not to litter it, because when people pass by, it will cause trouble to people, and causing trouble to a Muslim is a serious crime **(Gunaahe kabeerah).** But people today do not understand that this is also a part of Deen.

When removal of troublesome things from the path is one of the divisions of faith, then how big a crime would it be to throw troublesome things into the path?

Now a days people write advertisements or other pamplets on the walls or stick posters on the walls. Using it on someone's wall without their consent, regardless of whether it's for a religious program, is a form of theft. This is the same crime as stealing and dacoity. This is how people act today usually and this includes those who do the work of Deen.

(From: Islahi Khutbaat, By Mufti Taqi Usmani Sb. Part-21/30,31)

(૫૮૬) દીનની સમજ અલ્લાહવાળાની સોહબત (સાનિધ્ય)થી પ્રાપ્ત થાય છે

એક મણ ઇલ્મના માટે દસ મણ સમજ શકિત અને બુધ્ધિની જરૂરત હોય છે એટલા માટે દીની ઇલ્મની સાથે સાથે અલ્લાહવાળાઓની સોહબતથી દીનની સમજ પ્રાપ્ત કરવી જોઇએ. ફકત ઇલ્મ (જાણકારી)થી મગજમાં તે સમજ અને નુરાનીયત નથી આવતી જયાં સુધી કે અલ્લાહવાળાઓની સોહબત પ્રાપ્ત કરવામાં ન આવે. દીનની સમજનો એક કિસ્સો સંભળાવુ છું.

હઝ.ઉમર ﷺ થી એક માણસે કહયું કે મારી શાદી માટે દુઆ ફરમાઓ. હઝ.ઉમર ﷺ એ ફરમાવ્યું કે **'ઇસ્તિગફાર'** (ગુનાહોથી તૌબા) કર્યા કરો. કોઇએ પુછયું કે અમીરૂલ મુઅમીનીન! ઇસ્તિગફારને શાદી સાથે શું સંબંધ? હઝરત ઉમર ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ સુરએ નૂહમાં વાયદો ફરમાવ્યો છે. **"ઇસ્તગફિરૂ રબ્બકુમ...** પોતાના પરવર દિગારથી(ગુનાહોની) માફી ચાહો બેશક તે બહુ બક્ષનાર છે, તે તમારા ઉપર આકાશથી (વરસાદની) ધારો છોડી મુકશે તથા તમને સંપતિ અને સંતતિ (અવલાદ)માં વૃધ્ધિ આપશે અને તમારા માટે બાગ બનાવી આપશે તેમજ તમારા માટે નહેરો (વહેતી) કરી નાંખશે. **(સૂ.નૂહ આ.૧૦,૧૧,૧૨)**

તેમણે પુછયું કે અમીરૂલ મુઅમીનીન! એમાં એવો તો કોઇ ઉલ્લેખ નથી કે શાદી પણ થશે અને પત્નિ પણ મળશે, તો હઝ.ઉમર ﷺ એ ફરમાવ્યું કે તમો તો અજીબ ઇન્સાન છો! શું અલ્લાહ તઆલાએ અવલાદનો વાયદો નથી ફરમાવ્યો? અને જયારે અવલાદ આપશે તો પત્નિ વગર આપશે? જયારે અવલાદનો વાયદો છે તો તેનો મતલબ એ છે કે શાદી થશે અને પરિણામે અવલાદ મળશે.

આ છે દીનની સમજ અને ઇલ્મની બરકત જે અલ્લાહવાળાની સોહબતોથી પ્રાપ્ત થાય છે.આપણે આ આયતો પઢીએ છીએ પરંતુ કોઇનુ ધ્યાન એ તરફ નથી જતું કે ઇસ્તિગફાર કરવાથી અલ્લાહતઆલા તરફથી શાદી થવાનો, પત્નિ મળવાનો(દુન્યવી સુખ સમૃધ્ધી મળવાનો) પણ વાયદો છે.

(અઝ: કશ્કોલે મઅરિફત-ઇરશાદાત હઝ.મવ.શાહ હકીમ મુ.અખ્તર સા.રહ.)

(586) The understanding of Deen comes from the companionship of Allah's people (Buzurgaane Deen

One maund of knowledge requires ten maunds of understanding and intellect. That is why, along with knowledge of religion, the understanding of religion should be gained through companionship with the people of Allah. Only knowledge does not bring that understanding and enlightenment to the mind until the companionship of the people of Allah is attained. I want to narrate a case of the understanding of Deen.

A man asked Hazrat Umar ﷺ to pray for his marriage. Hazrat Umar ﷺ said him to do 'Istighfaar' (repentance from sins). Someone asked that Amirul Mu'aminin! What does Istighfar have to do with merriage? Hazrat Umar ﷺ said that Allah Ta'ala made a promise in Surah Nooh. "Istaghfiru Rabbkum… 'Pray to your Lord for your forgiveness, indeed He is Very Forgiving, and He will cause the heavens to rain upon you in abundance, and will help you with riches and sons, and will cause gardens to grow For you, and cause rivers to flow for You.' **(Surah Nooh A.10,11,12)**

They asked that Amirul Mu'aminin! There is no mention in it that marriage will also take place and a wife will also be found. Hazrat Umar ﷺ said that you are a strange person! Has not Allah Ta'ala promised progeny? And when he gives children, will he give them without a wife? When there is a promise of children, it means that there will be a marriage and as a result you will have children.

This is the understanding of religion and the blessing of knowledge that comes from the companionship of people of Allah. We read these verses, but no one pays attention to the fact that by doing Istighfar, there is also a promise from Allah to get married, to get a wife (to get worldly happiness and prosperity).

(By: Kashkole Maarifat-Irshadat Haz.Maw.Shah Hakim Mu.Akhtar Sa.Rah.)

(૫૮૭) અલ્લાહના બંદા અને તેમના વિશિષ્ઠ ગુણો

સૂ.ફુરકાનના છેલ્લા રૂકુઅની ૧૫ આયતોમાં ‘ઇબાદુર્રહમાન’અર્થાત:રહમાનના બંદા એટલેકે પોતાના ખાસ મકબુલ અને પ્યારા બંદાઓના **તેર (૧૩)** વિશિષ્ઠ ગુણોનો ઉલ્લેખ અલ્લાહતઆલાએ ફરમાવ્યો છે અને જે ઇમાનવાળામાં આ **તેર (૧૩)** ગુણો હશે તેઓને અલ્લાહતઆલા જન્નતના ઉચ્ચ વર્ગમાં સ્થાન આપશે, જેઓ આમ જન્નતીઓને એ પ્રમાણે દેખાશે જેવી રીતે કે ઝમીન પર ચાલનારાઓ આકાશમાં તારાઓને જુએ છે. તેમને આ સન્માન પણ મળશે કે ફરિશ્તાઓ તેઓને મુબારકબાદી આપશે અને સલામ કરશે. આ નેક બંદાઓના **તેર (૧૩)** ગુણો આ પ્રમાણે છે.

(૧) ઇન્સાન પોતાની ઇચ્છાઓને અલ્લાહતઆલાની મરજી મુજબ કુરબાન કરી આપે પોતાની તમામ ઇચ્છાઓ ખતમ કરી અલ્લાહ તઆલાના દરેક ફેસલા (હુકમ) પર રાજી રહે. **(૨)** જમીન પર નમ્રતાપૂર્વક ચાલવું **(3)** વાતચીતમાં સલામતી વર્તવી **(૪)** રાત્રે જાગવું અને એકાંતમાં ઇબાદતની પાબંદી કરવી **(૫)** જહન્નમથી બચવા માટે દુઆઓ કરવી. **(૬)** માલ ખર્ચ કરવામાં મધ્યમમાર્ગ (મયાનારવી) ઇખ્તેયાર કરવી **(૭)** શિર્ક અને શિર્કના કાર્યોથી બચવું **(૮)** નાહક જાન લેવાથી બચવું **(૯)** ઝિના અને ઝિના સંબંધી કૃત્યથી દૂર રહેવું. **(૧૦)** જુઠી,બેકાર, અને નિરર્થક વાતો અને મજલિસમાં શરીક ન થવું **(૧૧)** બેકાર અને બેહુદા (નિર્લજ્જ) મજલિસ કામોથી બચવાની કોશીશ કરવી **(૧૨)** કુર્આનની આયતોને ધ્યાનપૂર્વક સમજવું અને આ બાબતમાં આંધરા,બહેરા(અજાણ-અજ્ઞાન)બનવાથી બચવું **(૧૩)** પોતાના પત્નિ બાળકો માટે અલ્લાહ તઆલાથી દુઆઓ માંગવી. **(અઝ: અલબલાગ,ઉર્દૂ,કરાંચી-ઓકટો,૨૦૨૩)**

(587) Servants of Allah and their special qualities

In the 15 verse of the last Ruku' of Surah Al-Furqan, Allah has mentioned the thirteen (13) special qualities of 'Ibadur Rahman' means the servants of the Most Gracious, that is, His most beloved servants, and those who have these thirteen (13) qualities in the believers, Allah will give them a place in the highest class of Paradise. Those who will see the common Heavenly people as those who walk on the earth and see the stars in the sky. They will also have the honour that the angels will congratulate and greet them. Thirteen (13) qualities of these noble servants are as follows…

(1) A Man who sacrifice his desires according to the will of Allah Ta'ala, eliminate all his desires and be pleased with every decision (order) of Allah Ta'ala. (2) Walk humbly on the ground (3) Being safe in conversation (4) Waking up at night and do a prayer in solitude (5) Does Duas to safeguard from Jahannam (6) Adopting a middle path in spending (7) Refrain from shirk and acts of shirk (8) Abstain from taking innocent life (9) Abstain from adultery and acts related to adultery. (10) False, idle, and idle talk and not to participate in that type of convention(11) Try to avoid idle and shameless activities (12) Carefully understand the verses of the Qur'an and avoid being blind, deaf (ignorant) in this matter (13) Makes dua to Allah for the wife and children.

(From: Albalagh, Urdu, Karachi-October,2023)

(૫૮૮) વૃધ્ધોના માન-સનમાનની ફઝીલત

હઝ.અનસ બિન માલિક ﷺથી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું: જે નવજુવાન કોઇ ઘરડાની એમની ઉમરના કારણે ઇઝઝત કરે છે અલ્લાહ તઆલા એ જુવાનના માટે કોઇને નકકી કરી દે છે જે એના ઘડપણના દિવસોમાં એની ઇઝઝત કરે. **(જામેઅ તિરમીઝી શ.)**

સહાબએ કિરામ રદી.પોતાનાથી મોટી ઉમર વાળાઓનો ઘણો એહતેરામ કરતા હતા. એક દિવસ હઝ.અબ્દુલ્લાહ બિન કૈસ રદી.મસ્જીદેકુબામાં નમાઝ પઢીને પોતાની સવારી પર સવાર થઇને જઇ રહયા હતા કે રસ્તામાં હઝ. અબ્દુલ્લાહ બિન ઉમર રદી.મળીગયા. તેઓ તરતજ નીચે ઉતરી ગયા અને હઝ. અબ્દુલ્લાહ બિન ઉમર રદી.ને કહયું ચાચાજાન! સપ આના પર સવાર થઇ જાઓ (મસ્નદે ઇબ્ને હમ્બલ)

ઘડપણની ઉમર ઇન્સાનના માટે એક મોટી કસોટી (ઇમ્તિહાન) હોય છે ખાસ કરીને જયારે કમજોરી અને મજબુરી દરેક તરફથી માણસને ઘેરી લે છે. ખાવા-પીવામાં, ચાલવા-ફરવામાં, ઉઠવા-બેસવામાં, માણસ સહારાનો મોહતાજ થઇ જાય છે તો આ ઉમરમાં જો કોઇ મુખ્લિસ ખિદમત કરવાવાળો મળી જાય તો આ મોટી ખુશનસીબીની વાત છે, નહીતો પરેશાની,માયુસી (નિરાશા) અને અફસોસના વગર કંઇ પણ નથી મળતું અને દરેક ઘળી આ તમન્ના થાય છે કે જલ્દી મરી જાંઉ અને એકલતા અને વિવશતાની જીંદગીથી છુટકારો મળે.

(અઝ: અલબલાગ,'ઉર્દૂ' માસિક - કરાંચી - ઓકટો,૨૦૨૩)

(588) Virtue of respecting the elders

It is narrated from Hazrat Anas bin Malik that Rasulullah ﷺ said: Whoever young person respects elders because of his age, Allah Ta'ala appoints one for the youth who respects him in his old age.(Jamea Tirmizi Sh.)

Sahaba-E-Kiram ؓ used to care a lot for those who were older than him. One day, Hazrat Abdullah Bin Qais ؓ was riding his horse after offering Namaz in Masjid E Quba, when he met Hazrat Abdullah Bin Umar ؓ He immediately got down and said to Hazrat Abdullah bin Umar ؓ, Uncle! You ride on this.**(Masnade Ibne Humbal)**

Old age is a great test for a human being. Especially when weakness and coercion surround man from all sides. In eatingdrinking, walking, getting up-sitting, a person becomes dependent on others, then in this age if someone is found who can serve open hearted, then this is a matter of great happiness. Otherwise nothing is achieved without trouble, disappointment and regret and every moment there is this wish to die soon and get rid of the life of loneliness and oppression.

(From: Albalagh, 'Urdu Monthly – Karachi – October, 2023)

(૫૮૯) પ્યારા નબી સલ.નો પોતાની દીકરી સાથે વર્તાવ

ઉમ્મુલ મુઅમીનીન હઝ.આઇશા ؓથી રિવાયત છે કે તેઓ ફરમાવે છે કે મેં ચાલચલન વાતચીતમાં રસુલુલ્લાહ ﷺ ની સાથે સરખામણીમાં બધાથી વધારે હઝ.ફાતેમા ؓના સિવાય કોઇને નથી જોયા - જયારે તે આપ ﷺ ના પાસે તશરીફ લાવ્યા તો આપ ﷺ એમના માટે ઉભા થઇ જતા, એમનો હાથ પકડીને એમને બોસો આપતા અને એમને પોતાની ખાસ બેઠક પર બેસાડતા. એજ પ્રમાણે જયારે આપ ﷺ એમની પાસે તશ્રીફ લઇ જતા તો તેઓ પણ આપ ﷺ ના માટે ઉભા થઇ જતા, આપ ﷺ નો હાથ પકડતા અને એમને બોસો આપતા અને આપ ﷺ ને પોતાની જગ્યા પર બેસાડતા. **(સુનનેઅબી દાઉદ)**

નિસહાય દીકરી પર ખર્ચ કરવું... હઝ.સુરાકા બિન માલિક ؓ થી રિવાયત છે કે નબીએ કરીમ ﷺ એ ફરમાવ્યું: હું તમને અફઝલ સદકો ન બતાઉ? તમારી બેટી જે (શોહરના ઇન્તેકાલ અથવા તલાકના કારણે) પછી તમારા ઘરે આવી ગઇ હોય તમારા સિવાય એમનો કોઇ કમાવવાવાળો પણ ન હોય. (એમના પર ખર્ચ કરવું અફઝલ સદાકો છે) **(સૂનને ઇબ્ને માજા)**

(589) Behaviour of the Beloved Prophet (SAW) with his daughter

It is narrated from Ummul mu'minin Hazrat Aisha) ؓ that she said that I did not see anyone more than Hazrat Fatimah ؓ in behaviour and conversation compared to Rasulullah ﷺ – When she came to Prophet Muhammad ﷺ, the prophet ﷺ would stand up for her, hold her hand and used to kiss it and seat her on his special seat. Similarly, when the Prophet ﷺ went to her house, she would also stand up for him, hold his hand and kiss him and make sit him on her place.**(Sunane Abi Dawood)**

Spending on a helpless daughter...

It is narrated from Hazrat Suraka bin Malik ؓ that the Prophet ﷺ said: Shall I show you a best Sadqah? Your daughter who has come to your house after (due to divorce or death of her husband), she has no other earner except you. (It is best Sadqah to spend on them). **(Sunane Ibn Maajah)**

(૫૯૦) બીમારની ઇયાદતની ફઝીલત

હઝ.સવબાન ؓજે રસુલુલ્લાહ ﷺના આઝાદ કરેલા ગુલામ હતા એમનાથી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું : જે બીમારની ઇયાદત કરે છે તે વખતથી પાછા આવ્યા સુંધી જન્નતના મેવાઝારમાં હોય છે. **(સહીહ મુસ્લિમ)**

સહાબએ કિરામ ؓ બીમારોની ઇયાદત કરવાને પોતાનો અખ્લાકી ફરીઝો સમજતા હતા, એક વખત હઝ. સઅદ બિન ઉબાદા ؓ બીમાર થયા તો હુઝુર ﷺ એ એમનાથી પુછયું કે મારા ભાઇ સઅદ નો શું હાલ છે? એમણે બતાવ્યું કે સારા છે તો હુઝુર ﷺ એ હાજર જનોને ફરમાવ્યું: તમારા માંથી કોણ એમની ઇયાદત કરશે? તો તે વખતે સહાબા ؓની ગરીબીની આ હાલત હતી કે તે ફરમાવે છે કે તે વખત હમારા પગમા ન બુટ હતા, ન માથા પર ટોપી હતી, ન બદન પર પુરા કપડા હતા, એવી હાલતમાં અમો ઉગારા માથે અને ઉગારા પગે દસ-પંદર માણસો હુઝુર ﷺના સાથે હઝ.સઅદ ؓની ઇયાદત કરવા માટે એમના ઘરે ગયા. **(મુસ્લિમ)**

હઝ.અબુ હુરૈરહ ؓથી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું આજે તમારા માંથી કોણે રોઝહની હાલતમાં સવાર કરી (એટલેકે રોઝો રાખ્યો)? હઝ.અબુબકર ؓએ અર્ઝ કર્યુ મેં રોઝો રાખ્યો છે? આપ ﷺએ ફરમાવ્યું: આજના દિવસે તમારા માંથી કોણ કોઇના જનાઝાની સાથે ગયા છે? હઝ.અબુબકર ؓકહયું મે ગયો છું, આપ ﷺએ ફરમાવ્યું: આજે તમારા માંથી કોણે મિસ્કીનને ખાવું ખવડાવ્યું છે? હઝ.અબુબકર ؓએ કહયું મે ખવડાવ્યું છે, આપ ﷺએ ફરમાવ્યું આજે તમારા માંથી કોણે બીમારની તીમારદારી કરી છે? હઝ.અબુબકર ؓએ કહયું મેં.

આપ ﷺ એ ફરમાવ્યું જેમા આ બધી વસ્તુઓ હોય તે જન્નતમાં દાખલ થશે. **(સહીહ મુસ્લિમ)**

(590) Virtue of visiting the sick

It is narrated from Hazrat Sawban ؓ who was a freed slave of Rasulullah ﷺ that Rasulullah ﷺ said: He who visits the sick is in the fruit park of Jannah up to the time he returns. **(Sahih Muslim)**

The Sahaaba e kiram ؓ considered it their moral duty to visit the sick. Once Hazrat Saad bin Ubada ؓ fell ill, Huzur ﷺ asked that what is the condition of my brother Saad? They replied that he was good, then Huzur ﷺ said to the people who were present there: “Who among you will visit him?” So the condition of poverty of the Sahabah at that time was that they says that at that time we had no shoes on our feet, no hats on our heads, and no full clothes on our bodies, in such a condition we were ten-fifteen men with bare heads and bare feet went with prophet Muhammad ﷺ to Hazrat Saad’s house to visit him. **(Muslim)**

It is narrated from Hazrat Abu Hurairah ؓ that Rasulullah ﷺ said, “Who among you rode today in a state of rozah (i.e. fasted)?” Hazrat Abu Bakr ؓ replied, “I kept the fast”. Prophet Muhammad ﷺ said: “Who among you has accompanied someone’s funeral today?” Hazrat Abu Bakr ؓ said I have gone, Prophet ﷺ said: Who among you has fed the poor today? Hazrat Abu Bakr ؓ said, I feeded, Prophet ﷺ said, Who among you has taken care of the sick today? Hazrat Abu Bakr ؓ said, “I”.

The Prophet Muhammad ﷺ said hat those who have all these things will enter the Jannah. **(Sahih Muslim)**

(૫૯૧) સૂરએ યાસીનની ફઝીલત (ફાયદા)

(૧) હઝ.મુઅકલ બિન યસાર ﷺ થી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું સૂરએ યાસીન **"કલ્બુલ કુર્આન" અર્થાતઃ** કુર્આને પાકનુ દિલ છે.ઉપરાંત ફરમાવ્યું કે જે વ્યકિત સુ.યાસીનને ફકત અલ્લાહતઆલા અને આખિરતના માટે પઢે છે તેની મગફિરત થઇ જાય છે, તેને પોતાના મુરદાઓ માટે પઢયા કરો. **(અબુ દાઉદ,નસઇ,તફસીરે મઝહરી વગેરે)**

(૨) એક હદીસમાં છે કે સૂ.યાસીનનુ નામ **'અઝીમા'**(ઇઝઝતવાળી-ભાગ્યશાળી) અને તૌરાત માં **'મુઅમ્મા'** પણ આવ્યું છે, **અર્થાતઃ** પોતાના પઢવાવાળાઓ માટે દુનિયા અને આખિરતની ભલાઇઓ અને બરકતો ફેલાવનાર. ઉપરાંત એને પઢનારનું નામ **શરીફ** (નેક, આદરપાત્ર) પણ આવ્યું છે, અને ફરમાવ્યું છે કે કયામતના દિવસે એની શફાઅત કબીલએ રબીઆના લોકોથી પણ વધારે લોકો માટે કબૂલ થશે (બયહકી) અને એક રિવાયતમાં એનું નામ **'મુદાફિઆ'** પણ આવ્યું છે **અર્થાતઃ** પોતાના પઢનારાઓ પરથી મુસીબતને દૂર કરનાર. ઉપરાંત એનુ નામ **'કાઝિયહ'** પણ આવ્યું છે જેનો અર્થ છે જરૂરતોને પુરી કરનાર.(તફસીરે રૂહુલ મઆની)

(3) હઝ. અબુઝર ﷺ થી રિવાયત છે કે જે મરનાર વ્યકિત પાસે સૂ.યાસીન પઢવામાં આવે તો મોતના સમયે તેના માટે આસાની થઇ જાય છે (મઝહરી) હઝ.અબ્દુલ્લાહ બિન ઝુબેર રદી.એ ફરમાવ્યું જે વ્યકિત પોતાની જરૂરતના સમયે એને પઢશે તો એની જરૂરત પુરી થઇ જાય છે. (મઝહરી) **(૪)** યહયા બિન કષીર રહ.એ ફરમાવ્યું કે જે વ્યકિત સવારે સુ.યાસીનની તિલાવત કરી લે તે સાંજ સુધી ખુશી અને આરામથી રહે છે અને જે વ્યકિત સાંજે તિલાવત કરશે તો સવાર સુધી ખુશી અને આરામમાં રહેશે. વધુમાં ફરમાવ્યું કે મને આ વાત એવા વ્યકિતએ બતાવી કે જેણે એનો અનુભવ કર્યો છે (મઝહરી) **(૫)** હુઝુરે પાક ﷺએ ફરમાવ્યું "જે વ્યકિતએ દિવસ ની શુરૂઆતમાં સુ.યાસીનની તિલાવત કરી લીધી તેની જરૂરતો પુરી કરવામાં આવશે" **(મિશ્કાત શ.)**

(માખુઝ અઝઃ મઆરિફુલ કુર્આન શફીઇ અને દા.ઉ.દેવબંદ ફતવા નંઃ ૫૪૮૮૮)

(591) Virtues of Surah Yaseen

(1) It is narrated from Hazrat Muaqal bin Yasar that Rasulullah said Surah Yasin is "Kalbul Qur'an" means the heart of the Qur'an. Also said that whoever recites Surah Yasin only for the sake of Allah and the Hereafter will be forgiven, recite it for your the deceased. **(Abu Dawud, Nasa'ee, Tafseer Mazhari etc.)**

(2) In a hadith, the name of Surah Yasin is 'Azeema' (Glorified – Fortunate) and in the Torah also 'Mu'amma', means the one who spreads the good and blessings of this world and the hereafter to its reciter. Besides, the one who recites it is also named Sharif (noble, respectable). And it has been said that on the Day of Judgment, his intercession will be accepted by more people than the people of Rabi'a tribe and in one tradition it is also called 'Mudafia', which means: the remover of trouble from those who recite it. Besides, it has also got the name 'Qaziyyah' which means the fulfiller of needs.**(Tafseer Ruhul Ma'ani).** (3) It is narrated from Hazrat Abuzar that if Surah Yaseen is recited to a dying person, it becomes easier for him at the time of death **(Mazhari).** Hazrat Abdullah bin Zubair (r.a.) said that whoever recites it at the time of his need, his need is fulfilled. **(Mazhari).** (4) Yahaya bin Qaseer (RA) said that one who recites Surah Yaseen in the morning will remain happy and relaxed till the evening and whoever recites it in the evening will remain happy and relaxed till the morning. He further stated that this was shown to me by a person who had experienced it **(Mazhari).** (5) Huzur decreed "Whoever recites Su.Yasin at the beginning of the day, his needs will be fulfilled".**(Mishkat Sh.)**

(Maakhuz from Ma'ariful Qur'an Shafi'i and Darul Uloom Deoband Fatwa No. 54888)

(૫૯૨) દરેક નમાઝ પછી આયતુલ કુર્સી પઢવાની ફઝીલત

આયતુલ કુર્સી પઢવાની ઘણી ફઝીલત છે. દરેક ફર્ઝ નમાઝ પછી આયતુલ કુર્સી પઢનાર વ્યક્તિ વફાત પામતાંવેંત જન્નતમાં દાખલ થઈ જાય છે, જેમ કે હઝરત અબૂ ઉમામહ અલ બાહિલી ﵁ થી રિવાયત છે કે, હુઝૂર ﷺએ ફરમાવ્યું : "જે માણસ દરેક ફર્ઝ નમાઝ પછી આયતુલ કુર્સી પઢે છે, તો તેના અને જન્નતના દરમિયાન માત્ર મોત જ આડવાડ, આડશ અને રુકાવટ રહે છે (મતલબ કે મોત આવતાંવેંત-મોત આવે કે તરત જ તે વ્યક્તિ જન્નતમાં પહોંચી જશે. અર્થાતઃ મોત પછી તરત જ તે જન્નતનાં ચિહ્નો, લક્ષણો, સુખ-શાંતિ સંતોષ, જન્નતની નેઅમતો અને રાહતોનું પ્રત્યક્ષદર્શન અને જાતઅનુભવ કરવા માંડશે).

('દારૂલ ઉલૂમ' માસિક (કંથારીયા) - ડિસેમ્બર : ૨૦૨૩)

(592) Virtue of reciting Ayatul Kursi after every Namaz

There are many virtues of reading Ayatul Kursi. A person who recites Ayatul Kursi after every Farz Namaz enters Jannah upon death. As narrated by Hazrat Abu Umamah Al Bahili﵁ Huzoor ﷺ said: "A person who recites Ayatul Kursi after every Farz namaz, there is only death between him and Jannah (means that he will reach Jannah as soon as death occurs. Meaning : Immediately after death he will start witnessing and experiencing the signs, symptoms, happiness, contentment, blessings and reliefs of Jannah).

('Darul Uloom' Monthly (Kantharia) December : 2023)

(593) Reasons for not sleeping after Fajr…

(1) Deprived of the blessing of Rizq (ration) (Hazrat Usman رضي الله عنه). (2) Sleep in the early part of the day is ignorance. (Haz. Khawat bin Zubair رضي الله عنه). (3) Delay in earning livelihood and meeting needs (Haz.Abdullah Bin Amr رضي الله عنه) (4) There is a fear of losing (ruining) one's (religious) obligations. (Hazrat Ibne Zubair رضي الله عنه) (5) Also dislikes the ground (earth), and expresses pain (Hazrat Ibne Zubair رضي الله عنه, Al-Kamah) (6) Physically, it increases fever, makes one lethargic. And causes dryness in the body (Haz. Umar رضي الله عنه.). (7) Hastenes old age (Hazrat Ibn Abbas) (8) Gives birth to his habit of carelessness (Hazrat Umar bin Abdul Aziz Rah.) (9) Angels are assigned to distribute the Rizq (ration) of servants early in the morning, so they consider sleeping people as exempt, and he pays attention to the (hardworking) people seeking sustenance (Rizq). (10) For the ummah of the Holy Prophet in the early morning, they are prohibited from making dua for blessings. (Abu Dawud-2606) By following this ruling (Amal) of the Shari'ah, one can earn more livelihood (i.e. what can meet one's needs) in a short period of time.

The explanation of the reasons for the prohibition is: Being deprived of daily blessings, loss of obligations. It is disliked due to scarcity of livelihood, and injurious to health. Especially making it a habit leads to many harms.

(૫૯૩) ફજર પછી સૂવાની મનાઇના કારણો...

(૧) રોઝીની બરકતથી (વંચિત) મહરૂમ રહે છે (હઝરત ઉસ્માન). (૨) દિવસના શરૂઆતના ભાગની ઊંઘ એ જહાલત (અજ્ઞાનતા) છે. (હઝ.ખવત બિન જુબેર). (૩) રોજી કમાવવામાં અને જરૂરિયાતો પૂરી થવામાં વિલંબ થાય છે (હઝ.અબ્દુલ્લા બિન અમ્ર) (૪) દીની (ધાર્મિક) જવાબદારીઓ ગુમાવવા (બરબાદ થવા)નો ભય છે. (હઝરત ઇબ્ને ઝુબૈર) (૫) જમીન (પૃથ્વી) પણ નાપસંદ કરે છે, અને પીડા(તકલીફ) વ્યક્ત કરે છે (હઝ.ઇબ્ને ઝુબેર, અલ-કમાહ) (૬) શારીરિક રીતે, તે તાવ વધારે છે, વ્યક્તિને સુસ્ત બનાવે છે અને શરીરમાં શુષ્કતા(ખુશકી) લાવે છે (હઝ.ઉમર રદી.) (૭) વૃદ્ધાવસ્થાને જલ્દી લાવે છે (હઝરત ઇબ્ને અબ્બાસ) (૮) તેની આદત લાપરવાઈને જન્મ આપે છે(હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ) (૯) ફરિસ્તાને વહેલી સવારે બંદાની રોજી (રાશન)નું વિતરણ કરવા માટે સોંપવામાં આવે છે, તેથી તેઓ સૂતા લોકોને મૂક્ત (અપવાદ)તરીકે માને છે, અને રોજીના તલબગાર લોકો (પ્રયત્નશીલ) પર ધ્યાન કેન્દ્રિત કરે છે (૧૦) વહેલી સવારે પવિત્ર પયગંબર ﷺની ઉમ્મત માટે, તેઓ બરકત માટે દુઆ કરવાથી મહરૂમ છે. (અબુ દાઉદ-૨૬૦૬) શરીઅતના આ હુકમનું (અમલ) પાલન કરવાથી ઓછા સમયમાં વધુ રોજી (એટલે કે જે તમારી જરૂરિયાતો પૂરી કરી શકે તે પ્રમાણે) કમાઈ શકે છે. મનાઈના કારણોનો ખુલાસો એ છે કે : રોજીની બરકતથી મહરૂમ(વંચિત) રહેવું, જવાબદારીઓમાં ખોટ. રોજી કમાવવામાં તંગી, અને સ્વાસ્થ્ય માટે હાનિકારક હોવાને કારણે તે નાપસંદ છે. ખાસ કરીને તેની આદત બનાવી લેવી ઘણા બધા નુક્સનોનું નીમિત્ત બને છે.

(૫૯૪) અસ્માએ હુસના ઘરમાં લટકાવવા પર સવાબનો કોઇ વાયદો નથી...

લોકોમાં અસ્માએ હુસનાના સિલસિલામાં ઘણી ગફલત જોવા મળે છે, અસ્માએ હુસના સારી રીતે છપાવીને બરકત માટે ઘરમાં લટકાવે છે,પરંતુ કોઈ તેને યાદ કરતું નથી, ન તેમના અર્થ સમજવાનો પ્રયાસ કરે છે, ન તેમની વાસ્તવિકતાઓ (હકીકતો) પોતાનામાં લાવવાની ફિકર કરે છે. અજીઝો ! જન્નત મેળવવા માટે લટકાવવું પુરતુ (કાફી) નથી. એક મહત્વની બાબત એ પણ છે કે બાળક આખું કુઆન હિફ્ઝ (મોઢે) કરે છે અને કુઆનની શરૂઆતમાં અસ્માએ હુસના હોય છે, પરંતુ હાફિઝ તેને તેના સમગ્ર જીવન દરમિયાન યાદ રાખતો નથી. કારણ કે ઉસ્તાદે તેને યાદ નથી કરાવ્યું અને યાદ કરાવવું તો દૂરની વાત તવજ્જુહ પણ નથી અપાવી, કારણ કે શિક્ષક (ઉસ્તાદ)ને પોતે યાદ નથી, તેથી બાળકોને શું યાદ કરાવશે અને તવજ્જુહ અપાવે.

જો હિફ્ઝ ક્લાસમાં તેને યાદ કરાવવાનું શરૂ કરો તો મોટી સંખ્યામાં લોકોને આ નામો યાદ થઈ જશે, કેટલીક મસ્જિદોમાં તો દીવાલ પર નામો લખેલા હોય છે અને કેટલીક મસ્જિદોમાં તો સ્ક્રીન પર દેખાય છે અને વર્ષો વીતી જાય છે.પરંતુ એક નમાજી વ્યક્તિને પણ તે નામો યાદ નથી હોતા, જો કે દરરોજ માત્ર એક જ નામ યાદ કરાવવામાં આવે તો ત્રણ મહિનામાં બધા નામ યાદ થઈ જાય. પરંતુ એક પણ નમાજીને યાદ નથી હોતું, લોકોને લાગે છે કે આ નામો પ્રદર્શન (જોવા) માટે લખાયા છે. જયારે લોકોમાં આટલી બેતવજ્જુહી જોવા મળે છે તો જો હું કહું કે આ નામો યાદ કરો તો શાયદ કોઈ યાદ કરે, એટલા માટે હું સોથી પહેલા અસ્માએ હુસના યાદ કરાવું છું. **(અઝ : હઝ.મુફતી સઇદ અહમદ સા.પાલનપૂરી રહ.- કૃતઃ તોહફતુલ કારી શર્હે બુખારી - ભાગ : ૧, પેજ : ૩૮)**

(594) There is no promise of reward for hanging of Asma E Husna in the house...

Many mistakes are made in the chain of Asma ul Husna among the people, well printed Asma ul Husna are hung in the house for blessing, but no one remembers them, nor tries to understand their meaning, nor cares to bring their realities into themselves. Dears! Hanging is not sufficient to enter in the Jannah. An important thing is also that the child hifz (by mouth) the entire Qur'an and the Asma e Husna at the beginning of the Qur'an, but Hafiz does not memorize it throughout his life. Because the teacher did not remind him and far from reminding him, he did not even pay attention, because the teacher himself does not remember, so what will remind and pay attention to the children.

A large number of people will remember these names if you start reminding them in Hifz class. In some mosques the names are written on the wall and in some mosques they appear on the screen and years passes. But even a namazi does not remember those names, although if only one name is memorized daily, all the names will be memorized in three months. But not a single namazi remembers, people think these names are written for show. When people are so careless, if I say remember these names, maybe someone will remember, that's why I make (suggest) remember Asma ul Husna first.

(By: Haz. Mufti Saeed Ahmad Sa. Palanpuri Rah.- From: Tohfatul Qari Sharhe Bukhari – Volume: 1, Page: 38)

(૫૯૫) મુસલમાન ભાઇસાથે ભાલાઇની ફઝીલત

હઝ.સાલિમﷺ પોતાના વાલિદથી રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ. ﷺએ ફરમાવ્યું: મુસલમાન મુસલમાનનો ભાઇ છે,ન તેના પર જુલ્મ કરે છે અને ન એને કોઇ મુસીબતમાં નાંખે છે. જે માણસ પોતાના કોઇ મુસલમાન ભાઇની જરૂરત પુરી કરે છે તો અલ્લાહ તઆલા એની જરૂરત પુરી ફરમાવશે અને જે માણસ પોતાના કોઇ મુસલમાન ભાઇની મુસીબત દૂર કરશે તો કયામતના દિવસે અલ્લાહતઆલા એની મુસીબતોમાંથી કોઇ મુસીબત દૂર કરશે અને જે માણસ કોઇ મુસલમાન ભાઇની પરદાપોશી (એબ છુપાવવું-Cover up) કરશે તો અલ્લાહતઆલા કયામતના દિવસે એની પરદાપોશી ફરમાવશે.

સહાબએ કિરામﷺની આ શાન (વિશિષ્ઠતા) હતી કે બીજાઓના મુશ્કીલમાં કામ આવવું પોતાની સઆદત સમજતા હતા અને ખુશદીલીના સાથે બીજાઓની મદદ કરતા હતા. એક સહાબી ﷺ એ ઉધાર બાગ ખરીદયો અને કોઇ આફત આવી તો બધા ફળ બરબાદ થઇ ગયા. એમના માટે કીમત અદા કરવાની કોઇ સુરત ન હતી. હુઝુર ﷺએ સહાબાﷺ થી ફરમાવ્યુ: બધા લોકો મળીને એમની મદદ કરો તો બધા સહાબાﷺએ એમની મદદમાં હિસ્સો લીધો. (અબુદાઉદ શ.)

(અઝ: અલબલાગ,'ઉર્દૂ' માસિક - કરાંચી - નવેમ્બર,૨૦૨૩)

(595) Virtue of beneficence to Muslim brother

Hazrat Saalim ؓ narrates from his father that Rasulullah ﷺ said: A Muslim is a Muslim's brother and neither oppresses him nor puts him in any trouble. If a person meets the needs of his Muslim brother, Allah will meet his needs, and if a person relieves the trouble of a Muslim brother, then Allah will remove some of his troubles on the Day of Resurrection, and if a person cover up for a Muslim brother, then Allah will cover up for him on the Day of Resurrection.

Companions of the Prophet ﷺ had this honour that they used to help others in their difficult times and they used to help others with happiness. A Sahabi ؓ bought a garden on loan and when a calamity struck all the fruits were ruined, there was no way to pay the price for it – Huzoor ﷺ said to the Sahaba ؓ : Help him all together. So all the Sahabah took part in helping him.

(૫૯૬) તઅઝીયત કરવાનો સવાબ

હઝ.અબ્દુલ્લાહ ﷺથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺએ ઇરશાદ ફરમાવ્યોઃ જે માણસ કોઇ મુસીબતમાં સપડાયેલની તઅઝિયત કરશે (આશ્વસન આપશે)એને પણ એટલો જ સવાબ મળશે.(જામેઅ તિરમિઝી)

મુસલમાનની દરેક મુસીબત,બીમારી,અને પરેશાની પર ગુનાહોની માફી અને અજર (સવાબ) નો વાયદો છે તો જે પણ મુસીબતમા સપડાયેલ હોય તો તે અજરનો હકદાર છે, પરંતુ જે વ્યકિત તે વખતે એની સાથે હમદર્દી કરશે અને એને તસલ્લી આપશે તેને પણ આ સવાબ મળશે.

એક બીજી હદીસમાં નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું: જે મોઅમીન પોતાના કોઇ મોઅમીન ભાઇની મુસીબતમાં એને તસલ્લી આપશે અને સબ્રની તલકીન કરશે કયામતના દિવસે અલ્લાહ તઆલા એને ઇઝઝતનો લિબાસ પહેરાવશે. (ઇબ્ને માજહ)

(અઝઃ અલબલાગ,‘ઉર્દૂ’ માસિક - કરાંચી - નવેમ્બર,૨૦૨૩)

(596) The reward of consolation

It is narrated from Hazrat Abdullah that the Prophet (peace be upon him) said: A person who condolence (gives comfort to) someone in trouble will be rewarded the same. (Jaame'a Tirmizi)

There is a promise of forgiveness of sins and reward for every trouble, illness, and trouble of a Muslim, so whoever is in trouble is entitled to reward, but the person who sympathizes with him at that time and consoles him will also get this reward.

In another hadith, the Prophet (saw) said: A believer who comforts his fellow believer in his distress and exhorts him to be patient, Allah Ta'ala will clothe him with glory on the Day of Resurrection. (Ibn Majah)

(From : Albalag, 'Urdu' monthly – Karachi – November, 2023)

(૫૯૭) કુર્આનેપાક યાદ કર્યા પછી ભુલી જવા માટે વઇદ

કુર્આનેકરીમ યાદ કર્યા પછી જાણી જોઇને ભુલાવી દેવું અત્યંત સખ્ત ગુનો છે અને એવા વ્યકિત માટે હદીસશરીફમાં સખ્ત ચેતવણીઓ આપવામાં આવી છે.

હઝ.સઅદ બિન ઉબાદા ﷺ ફરમાવે છે કે રસુલે કરીમ ﷺ એ ફરમાવ્યું 'જે વ્યકિત કુર્આનેકરીમ પઢીને ભૂલી જશે તો તે કયામતના દિવસે અલ્લાહ તઆલાથી એવી હાલતમા મળશે કે તેનો હાથ કપાએલો હશે.' (મિશ્કાત શ.)

હઝ.અનસ બિન માલિક ﷺ થી રિવાયત છે કે રસૂલેકરીમ ﷺ એ ફરમાવ્યું 'મારી સામે મારી ઉમ્મતના સવાબ અને બદલા રજુ કરવામાં આવ્યા,.. અને મારી સામે મારી ઉમ્મતના ગુનાહો રજુ કરવામાં આવ્યા તો મેં તેમાં એથી મોટો કોઇ ગુનો નથી જોયો કે કુર્આનેપાકની કોઇ સૂરત અથવા કોઇ આયત કોઇ વ્યકિતને (યાદ કરવાની તોફીક) મળી હોય અને પછી તેણે તેને ભુલાવી દીધું.' (મિરકાત શરહે મિશ્કાત)

અલ્લામા કુત્બુદ્દીન દહેલવી રહ.લખે છે કે ભૂલી જવાનો મતલબ એ છે કે જોઇને પણ ન પઢી શકે. જયારે ઇમામ શાફિઇ રહ.એનો મતલબ ફરમાવે છે કે કોઇ વ્યકિતએ કુર્આન હિફ્ઝ કર્યું, પછી તેને ભુલી ગયો એ પ્રમાણે કે હિફ્ઝ ન પઢી શકે, અને એ પણ મતલબ છે કે કુર્આનેપાકની તિલાવત છોડી આપે ભલે ભુલી જાય કે ન ભુલી જાય.

આના ઉપરથી માલમ થાય કે કુર્આનેપાક શીખવા અને યાદ કર્યા પછી ભૂલી જવું ઘણો મોટો ગુનો છે.માટે જરૂરી છે કે કુર્આનેપાકની બાબતમાં ગફલત અને સુસ્તી ન કરવામાં આવે બલ્કે કુર્આનેપાકને હંમેશા ખુબ પઢતા રહેવું જોઇએ. જે વ્યકિત પોતાની ગફલત અને બેપરવાઇના કારણે કુર્આનેપાક ભૂલી જાય તે આ વઇદ (ચેતવણી)માં શામિલ છે. જે વ્યકિત સતત પોતાની મેહનત અને ઇરાદાપૂર્વક કુર્આનશરીફને યાદ કરતો રહે અને યાદશકિતની કમજોરીના કારણે પાકું યાદ ન રહી શકે તો અલ્લાહની ઝાતથી ઉમ્મીદ છે કે આ વઇદથી મહફુઝ રહેશે.

કુર્આનમજીદ ભૂલવાનો કફ્ફારો એજ છે કે ફરીથી યાદ કરવાનું શરૂ કરી દેવામાં આવે અને દરરોજ તિલાવતની પાબંદી કરી દેવામાં આવે ઉપરાંત ગુનાહોથી ખૂબ બચવામાં આવે.

(દારૂલ ઇફતા : જામિઆ ઉલૂમે ઇસ્લામિયહ - બિન્નોરી ટાઉન. ફતાવા નંબર : ૧૪૪૨૦૮૨૦૦૪૩૯)

કુર્આનેપાક યાદ કરી ભૂલી જવું એ મળેલી નેઅમત અને દુનિયાની સૌથી શ્રેષ્ઠ દોલતની નાશુક્રી અને નાકદ્રી છે અને નાશુક્રી પર કુર્આનેપાકમાં સખત વઇદ આવી છે. "અને તમે નાશુક્રી કરશો તો(યાદ રાખજો કે) મારો અઝાબ બહુ સખત છે" **(સૂ.ઇબ્રાહીમ આ:૭)**

જેથી કુર્આનેપાકને યાદ કરવા પછી ગફલત અને બેપરવાઇના કારણે ભૂલાવી દેવું સખત ગુનાહની બાબત છે.

(597) Warning (Waeed) for forgetting the Qur'an after memorizing

Deliberately forgetting the Qur'an after memorizing it is a very serious sin and a strong warning has been given in the hadith for such person.

Hazrat Saad bin ubada ﷺ says that the Prophet Muhammad ﷺ saida ﷺ person who forgets the Qur'an after memorizing will meet Allah on the Day of Judgment in such a condition that his hand has cut off. (Mishkat S.)

It is narrated from Hazrat Anas Bin Malik ﷺ that the Prophet Muhammad ﷺ said, 'When the rewards and punishments of my ummah were brought before me, and the sins of my ummah were brought before me, I did not see in them a greater sin than that a surah or a verse of the Qur'an had recited(memorized) to a person and then he forgot it.' (Mirkaat Sharhe Mishkat)

Allama Kutbuddin Dahelwi writes that forgetting means not being able to read even by sight. When Imam Shafi'i says, it means that a person recites the Qur'an by heart, then forgets it such that he cannot recite it by heart, and it also means that he leaves the recitation of the Qur'an whether he forgets it or not.

From this it can be seen that forgetting the Qur'an after learning and memorizing it is a great sin. Therefore, it is necessary that there should be no negligence and laziness in the matter of the Quran, rather the Quran should always be recited. A person who forgets the Qur'an due to his own mistake and carelessness is included in this warning(waeed). A person who keeps on memorizing the Qur'an with constant effort and intention but cannot remember it clearly due to weakness of memory or illness, it is hoped by Allah that he will be safe from this warning(waeed). - The expiation for forgetting the Qur'an is to start memorizing it again and to observe its daily recitation and to avoid the crimes. (Darul Ifta: Jamiya Ulume Islamiya-Binnori town. Fatawa no.144208200439)

Forgetting to remember the Qur'an is ungratefulness and rejection of the blessings of the best wealth in the world, and there is a strong warning in the Qur'an about ungratefulness: " if you are ungrateful, My punishment is severe." **(Surah Ibhrahim ayat:7)** So forgetting the Qur'an due to negligence and carelessness after memorizing it is a serious sin.

(૫૯૮) સુરએ કહફની ખાસ ફઝીલત

હઝ.અબ્દુલ્લાહ ﵁ થી રિવાયત છે કે 'જે માણસે સૂ.કહફની પેહલી દસ(૧૦) આયતો મોઢે (હિફઝ) કરી લીધી તે દજજાલના ફિત્નાથી હિફાઝતમાં રહેશે'

હઝ.અબુ દરદાઅ ﵁ થી બીજી એક રિવાયત આ મજમુન સૂ.કહફની છેલ્લી દસ (૧૦) આયતો યાદ કરવાના વિશે નકલ કર્યું છે,અને મુસ્નદે અહમદમાં હઝ.સહલ બિન મઆઝ ﵁ થી નકલ છે કે રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું કે 'જે માણસ સુ.કહફની પેહલી અને છેલ્લી આયતો પઢી લે એના માટે એના કદમથી માથા સુધી એક નૂર થઇ જાય છે, અને જે પૂરી સૂરત પઢી લે તો એના માટે જમીનથી આસમાન સુધી નૂર થઇ જાય છે. **(મુસ્લિમ શ.અબુ દાઉદ વગેરે)**

અમુક રિવાયતોમાં છે કે જે માણસ જુમ્આના દિવસે સૂ.કહની તિલાવત કરે એના પગથી લઇ આસમાનની ઉંચાઇ સુધી નૂર થઇ જશે જે કયમતાના દિવસે રોશની આપશે અને પાછલી જુમ્આથી આ જુમ્આ સુધીના એના બધા ગુનાહો માફ થઇ જશે.

હાફિઝ ઝિયા મુકદીસીએ પોતાની કિતાબ મુખ્તારામાં હઝ.અલી ﵁ ની રિવાયતથી નકલ કર્યું છે કે રસુલુલ્લાહ સલ.એ ફરમાવ્યું કે 'જે માણસ જુમ્આના દિવસે સૂ.કહફ પઢીલે તે આઠ (૮) દિવસ સુધી દરેક ફિત્નાથી બચેલો રહેશે. અને જો દજજાલ નીકળી આવે તો આ એના ફિત્નાથી પણ બચેલો રહેશે.' **(તફસીર ઇબ્ને કસીર)**

રૂહુલ મઆનીમાં દયલમીથી રિવાયત હઝ. અનસ ﵁નકલ કર્યુ છે કે રસુલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું કે 'સૂ.કહફ પૂરી એક વખતમાં નાઝિલ થઇ અને સિત્તેર હઝાર (૭૦,૦૦૦) ફરિશ્તા એની સાથે આવ્યા જેનાથી એની અઝમત અને શાન માલુમ પડે છે.

(અઝ : તફસીરે મઆરિફુલ કુર્આન શફીઇ - પેજ : ૫૪૬)

(598) The special virtue of Surah Kahf

It is narrated from Hazrat Abdullah ﵁ that 'the person who memorized the first ten (10) verses of the **Surah Kahf** (hifz) will be safe from the fitnah of the Dajjal'.

Another narration from Hazrat Abu Darda'a ﵁ has been copied by this topic about memorizing the last ten (10) verses of **Surah Kahf**, and it is copied from Hazrat Sahl bin Maaz ﵁ in Masjid Ahmad that Rasulullah ﷺ said that 'the man who recites **Surah Kahf** and For the one who recites the last verses, there is a light from his feet to his head, and if he recites the entire surah, there is a light from the ground to the sky. **(Muslim Sh.Abu Dawood etc.)**

There are some traditions that a person who recites **Surah Kahf** on the day of Friday will be lighted from his feet to the height of the sky which will give light on the Day of Judgment and all his sins from the previous Friday to this Friday will be forgiven.

Hafiz Zia Mukdisi in his book 'Mukhtara' has copied from the tradition of Hazrat Ali ﵁ that Rasulullah ﷺ decreed that "A person who recites **Surah Kahf** on the day of Friday will be free from every fitnah for eight (8) days. And if the Dajjal comes out, this will also be spared from his fitna.' **(Tafseer Ibn Qaseer)**

Narrated by Hazrat Anas ﵁ in Ruhul Ma'ani, narrated by Daylami that Rasulullah ﷺ said that **Surah Al-Kahf** was revealed at once and seventy thousand (70,000) angels came with it, showing its glory and majesty.

(From:Tafseer Maariful Qur'an Shafi'i – Page : 546)

(૫૯૯) સુરએ મુલ્ક અને સુરએ વાકેઅહની ફઝીલત

સૂ.મુલ્ક : આ સુરતને હદીસમાં વાકિયા અને મંજીયા પણ કહયુ છે વાકિયાનો અર્થ બચાવવા વાળી અને મંજીય્યાનો મતલબ નજાત (છુટકારો) દેવાવાળી, હદીસમાં છે કે રસુલુલ્લાહ ﷺએ ફરમાવ્યું "આ સૂરત અઝાબને રોકવા વાળી અને અઝાબથી છુટકારો દેવાવાળી છે. આ સૂરત પોતાના પઢવાવાળાને કબ્રના અઝાબથી બચાવી લેશે" **(તિરમીઝી)**

હઝ.ઇબ્ને અબ્બાસ ؓથી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે **"મારૂ દિલ ચાહે છે કે સૂરએ મુલ્ક દરેક મોમીનના દિલમાં હોય"**

હઝ.અબુહુરૈરહ ؓથી રિવાયત છે કે રસુલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે કિતાબુલ્લાહમાં એક એવી સુરત છે જેની આયતો ફકત ૩૦ (ત્રીસ) છે. કયામતના દિવસે આ એક માણસની સિફારિશ કરશે, એટલે સુધી કે એને જહન્નમથી કાઢીને જન્નતમાં દાખલ કરશે અને તે સુરએ તબારક છે. **(અઝઃ તિરમિઝી)**

સુરએ વાકેઅહની ફઝીલત : હઝ.અબ્દુલ્લાહ બિન મસ્ઉદ ؓના મરજુલ વફાતના સમયે હઝ.ઉસ્માનગની ؓઇયાદતના માટે તશ્રીફ લઇ ગયા, હઝ.ઉસ્માન ؓએ પૂછયું 'માતશ્તકી' (તમને શું તકલીફ છે) તો ફરમાવ્યું, ઝુનૂબી (એટલે પોતાના ગુનાહોની તકલીફ છે) પછી પૂછયું 'માતશ્તહી' (આપ શું ચાહો છો) તો ફરમાવ્યું રહમતરબ્બી (એટલે પોતાના રબની રહમત ચાહું છું) પછી હઝ.ઉસ્માન ؓએ ફરમાવ્યું કે હું આપના માટે કોઇ ડોકટરને બોલાવુ છું તો ફરમાવ્યું 'અત્તબીબુ અમરઝની' (એટલે કે મને ડોકટરેજ બીમાર કર્યો છે)

પછી હઝ.ઉસ્માન ؓએ ફરમાવ્યું કે આપના માટે બય્તુલ માલથી કોઇ હદયો મોકલાવું, તો ફરમાવ્યું 'લાહાજતલી ફીહા' (મારે એની કોઇ જરૂરત નથી) હઝ.ઉસ્માન ؓએ ફરમાવ્યું હદિયો લઇ લો! આપના પછી આપની દીકઓને કામ આવશે,તો ફરમાવ્યું શું આપને મારી દીકરીઓ વિશે આ ફિકર છે કે તે ગરીબીમાં સપડાય જશે, પરંતુ મને આ ચિંતા એટલા માટે નથી કે મેં મારી દીકરીઓને તાકીદ કરી છે કે દરેક રાત્રે સૂ.વાકેઅહ પઢયા કરે, કેમકે મેં રસુલૂલ્લાહ ﷺથી સાંભળ્યું છે'જે માણસ રાતમાં સૂ.વાકેઅહ પઢયા કરશે તે કદી ફાકામાં સપડાએલો નહી રહેશે'**(ઇબ્ને કષીર)** - **(અઝ : મઆરિફુલ કુર્આન, શફીઇ)**

(૬૦૦) માનવવાળ - Human Hair

માનવીના બાલોનું ખરીદ વેચાણ શરીઅતની દૃષ્ટિએ જાઇઝ નથી.

માનવવાળ માનવ શરીરનો એક ભાગ હોવાને લીધે આદરને પાત્ર છે. તે માટે તેને સળગાવવા કે પછી કચરામાં ફેંકવા દુરૂસ્ત નથી.

તેમજ સ્ત્રીના વાળ સતરમાં દાખલ હોવાથી અજાણી વ્યકિતનું તેને જોવું પણ જાઇઝ નથી.

તેથી માથામાં કાંસકો કરતી વખતે જે વાળ ખળી પડે તો ફેંકી દેવા જોઇએ નહી, બલ્કે સાચવીને કયાંક માટીમાં દાટી દેવા જોઇએ, અને જો આવું મુશ્કેલ હોય તો પછી તેને કાપડ અથવા કાગળ વગેરેમાં લપેટીને એવી જગ્યાએ મૂકવું જોઇએ જયાં કોઇ અજાણી વ્યકિત જોઇ ન શકે.

(તા.ક.- Note : એહતિયાત એમાં છે કે વાળને કાપી બે-ત્રણ ટુકડા કરી આપવામાં આવે જેથી કોઇ દુરૂપયોગ ન કરી શકે.)

હુઝુરેપાક ﷺએ ફરમાવ્યું અલ્લાહતઆલાએ લઅનત ફરમાવી છે તે ઓરત પર જે પોતાના બાલમાં બીજાના વાળો જોડી આપે અને તે ઓરત પર જે અન્ય કોઇ સ્ત્રીના વાળમાં પોતાના વાળ જોડી આપે ઉપરાંત શરીર પર ટટ્ટુ (છુંદણા-tattoo) પાડનાર અને પડાવનાર ઉપર. (પણ લઅનત ફરમાવી છે) **(બુખારી શ.૫૯૪૦, મિશ્કાત શ.૩૮૧)**

(દારૂલ ઇફતાઃ જામેઅતુલ ઉલૂમ, બિન્નોરી ટાઉન-કરાંચી-ફતવા ન.૧૪૪૪૦૧૧૦૦૨૦૦)